૩૯૫૨

છેલ પદ્મકળા નાટક

રચી પ્રસીદ્ધ કરનાર.

ટી શી કે

નાટક ૬ અંકી

આવૃતિ પેહેલી.

પ્રત ૧૦૦૦.

સુરત.

સીટી સેંટ્રલ પ્રેસ.

કેસુરજી રૂઘનાથજીએ છાપી

પ્રસીધ કરી છે.

સંવત ૧૯૪૪.

સને ૧૮૮૮.

મુલ્ય આઠ આના.

(સર્વે હક ગ્રંથ કર્તાએ સ્વાધીન રાખ્યાછે.

પ્રસ્તાવના.

પ્રીય વાંચનાર, હું આપની આગળ તથા આપણા મહાનઈષ્ટ દેવના ચરણકમળ સમક્ષ, સમયે સમયે, છુટાં છવાયાં સાદાં અને પ્રાકૃત ગુણના પુષ્પનિવેદન કરવા આશા રાખું છઉં. સંસ્કૃત સાહિત્યની યોજના અને તેની સુગંધ તેની મધુરતા તો તેમાં કયાંથી હોય? પણ નિયમ અને સાધારણ ધોરણ તો તેનુંજ લક્ષમાં રાખ્યું છે. તેનીજ છેક દાસ પરવસતાથીજ તેની સામને બંધાઈ રહ્યો નથી. એમાં પણ કંઈ કંઈ છુટ લેવાની હીમત ધરી છે.

સંસ્કૃત વિદ્યામાં બીજાં શાસ્ત્રોની સાથે નાટય શાસ્ત્ર અહા. તે અલૌકીક ભરત શાસ્ત્ર અથવા સાહીત શાસ્ત્ર, પણ સારી સંપૂર્ણતાને પોંચ્યું છે. તેમાં દશ્ય શ્રાવ્ય કાવ્યના તથા રૂપક ઉપરૂપક નાટયના પ્રયોગનો વિસ્તાર નાહાના મોટા કવિયોની કરકલમથી ઠીક અને વખાણવા લાયક થયો છે તો તેવા પ્રયોગ આપણી ભાષામાં અને આપણા સમયમાં તે મારા જેવાથી ઉતરે કે નહીં તે જીજ્ઞાસા—અને તે મારી કેટલાક જુવાન ગ્રંથકારોમાં સાધારણ રીતે જણાતી ઉતકંઠા ત્રપ્ત કરવાના હેતુથી મેં આ પ્રયત્ન માંડયો છે અને તેમાં માત્ર આધાર સાહીત્ય શાસ્ત્રનોજ રાખ્યો છે.



અર્પણ પત્રીકા

ઓ મારા પ્રીય બંધુ હેતસ્વી આર્યો ગ્રહસ્થો હું તમને વિનંતા પુર્વક અરજ કરૂં છું કે, આ મારો છેલ પદ્મકળા નામનો નાટકરૂપીનો રચેલો ગ્રંથ આપની આગળ માનપુર્વક નિવેદન કરૂં છું.

સેવક,

ટી. સી. કે.

T. C. K.

छेल पद्मकळा नाटक

પાત્ર.

છેલ ....દીલ્હી શેહેરના નગરશેઠનો છોકરો.

અભેચંદ ......હીરાચંદ વેપારીનો છોકરો

પદ્મકળા.........અભેચંદની વહુ.

ચંદ્રાવળી ......તેની દાસી.

માણેકચંદ.....દીલ્લી શેહેરનો વેપારી.

હેમચંદ.........તેજ શેહરનો નગરસેઠ.

તારાગવરી......તેની વહુ.

અકબર.........દીલ્લી શેહેરનો પાદશાહ

જેશંકર ....દરબારનો ગોર.

નાગકન્યા........વિખધરનાગની છોકરી.

પ્રધાન, સેનાધીપતિ, કાજી, કોટવાલ, દ્વારપાલ, કચની નગરશેઠના (૪) છોકરાં, નાખુદા, ગંગાકવી, વિદુષક, ઇત્યાદિ.

ઇશ્વર સ્તુતિ

(અંદર પડદામાં ગાય છે.)

રાગ--ધનાશ્રી.

સર્વ પાત્રો.—

કૃપા કરો જગરાય, પ્રભુ રીઝી કૃપા કરો જગરાય. ટેક.
તારી કૃપાથી ખેલ આરંભીએ, કરજે તું હમને સહાય—પ્રભુરીઝી.
તારે આધારે છઇએ હમો, આ ખેલ તો આરંભ થાય—પ્રભુરીઝી.
તવ કિંકરની અરજ સુણજો, માન મલે જગમાંય—પ્રભુરીઝી.
આ નાના મોટા જનને મદદ કરજો, સભાતેસઉ ખુશી થાય—પ્રભુરીઝી.
આ ખેલની અંદર ખામી પડે તો, માફીતો હમને થાય--પ્રભુરીઝી.

રાગ--કલ્યાણ.-

શ્રીગણેશપતિ, તારી છે અપાર શકિત
શરણે આવતાં, ભકતને, તું આપે શન્મતિ
પ્રથમ ઇષ્ટ દેવને નમું, જેની મુજપર સહાય
મેહેર કરો મુજ રંકપર તો ખેલ ચાલતો થાય—શ્રીગણેશ.
અષ્ટ ભૈરવ તુજને નમુ નમુ જુગત અંબાય
આદ્ય શકિત કહેવાય જગતમાં, બ્રહ્માને લાગુંપાય—શ્રીગણેશ.
સરસ્વતિમા કરૂણા કરી, વાણી આપો શુદ્ધ
તવ કીંકરને સાહે કરીને, દેજો સારી બુદ્ધ—શ્રીગણેશ.
સર્વ ગ્રહસ્થોએ પધારી મુજને, કીધો ઘણો ઉપકાર
માફી તમ પાસેથી માગું, શોભા દીધી અપાર—શ્રીગણેશ.
આપ ઇચ્છાથી ખેલ રચ્યો છે, ભુલોની માફી અપાય
અગરજો ભુલ ચુક થઇ હોયતો, બક્ષીશ હમને થાય—શ્રીગણેશ.

છેલ પદ્મકળા નાટક.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ.

અભેચંદનુ ઘર.

અભેચંદ. માણેકચંદ, પદ્મકળા ચંદ્રાવળી.

ચંદ્રાવળી—(હાથજોડી) બાઇસાહેબ, આપનું અને આપના પ્રાણપ્રીયનું તેજસ્વી મુખારવીંદ દિવશે દિવશે કેમ નીર્માલ્ય થાએછે? તે મને કૃપા કરી દરશાવો.

પદ્મકળા.—પ્યારી ચંદ્રાવળી, આપણે માથે વૃદ્ધ શીરછત્ર હીરાચંદજી હતા ત્યાંસુધી પ્રાણનાથ અને હું અત્યંત સુખમાં હતા. પણ તેમનું મૃત્યું વૃદ્ધાવસ્થાને લીધે થવાથી સંસારરૂપી મોહજાળની માયામાં ફસાઈ સંસારની નીતી રીતીરૂપી ઘોડાની લગામ હાથમાં રાખવી પડે છે કહેલુ છે કે,

चिंता चीता समाझेया चिंता चापी ततोधिका॥
चींता दहती निर्जीवं चिंता चैव सजीवकं ॥

ભાવાર્થ—ચિતાતો મુવેલાં મુડદાંનેજ અગ્નિથી બાળે છે પરંતુ ચિન્તા તો જીવતાં માણસને વિના અગ્નિએ બાળે છે. તેટલા માટે હે સખી ચીતા કરતાં ચિન્તા મોટી છે.

ચંદ્રાવળી—બાઇસાહેબ એ જે આપે કહ્યું તે તે વ્યાજબી છે. પરંતુ આપ આ સંસારરૂપી નિંદ્રામાં લીન ન થાઓ અને વિપત્તિ વખતે હિંમત ન છોડતાં ચિંતાને દુર કરવી. કહેલુંછે કે,

છપ્પાયા.

હિંમત મુકે હાણ, હિંમત મુકે તન ધ્રુજે;
હિંમત તજે જીવ જાય, સરસ રસ્તો નવ સુજે.
હિમત મુકે હમેશ, જરૂર જરને જશ જાએ;
હિમત મુકે દામ, લેણના દેણા થાએ.
હિંમત મુકયાથી હારીએ ભડકી વેણ ન ભાખીએ;
માટે હીમત નવ છોડીએ, હૃદએ હિંમત રાખીએ.

(એવામાં તેનો સ્વામી અભેચંદ આવે છે.)

અભેચંદ—પ્રાણપ્રીયા, ચંદ્રાવળી જોડે સું સંવાદ કરી રહ્યા છો?

પદ્મકળા.—પ્રાણનાથ, આપના શીરછત્ર હીરાચંદજીનું મૃત્યુ થવાથી સંસાર વેહેવારના કામ આપને માંથે આવી પડયા છે, તેની વાત ચાલી રહી છે.

અભેચંદ—પ્રીયા, દુઃખ સુખનો સંસારમાં જોડો છે માટે હે પ્રીયા—

લાવણી.

સંસારની રીતી, જાણુ છે કે તું નાંહી;
સુખ દુઃખનુ જોડું છે, આ શ્રષ્ટીની માંહી.
ઘડીમાં રાખે તે ભૂખ્યો, ઘડીમાં પ્યાસી.
ઘડીમાં રાખે તે ખુશી, ઘડીમાં ઉદાસી.
શ્રષ્ટી કર્ત્તાના દીલમાં, આવે તે કરે;
ખચીત સુખ દુઃખ, આવે માનવીપરે.
દુઃખ પડે તેટલું આપણે, સહનતે કરવું.
દુઃખ પડે તેવારે ઇશ્વરનું, ધ્યાનજ ધરવું.
નશીબમાં જેવું લખ્યું, તેવું તે થાએ;
દુઃખ સુખનું જોડું, માંથે હંમેશાં આવે.

માટે કરી પ્રીયા એ વાતનો આપણે મનમાં બીલકુલ ખેદ ન લેવો અને હંમેશા આપણે ખુશીમાં દીવસ નીર્ગમન કરવા.

પદ્મકળા.—(શોકાતુર થઇને) પ્રાણનાથ,

મને ગમતું નથી આ ભોજન, મારૂં ચીતડું ફરોની મગન.
કાંઇ એવો બતાવો ઉપાયે, જેથી જીવ આનંદમાં જાએ.
કમ વગર ભાંગશે કોણ દુઃખ, પ્રાણનાથ આપો મુજને સુખ.
તમે થાઓ મારા અંતરજામી, નથી કાંઇ તમારામાં ખામી.
માટે મારૂ કહ્યું માનીલોની, મારી અરજ ચીતમાં ધરોની.

અભેચંદ—પ્રીયા, આપણા કબાટમાંથી રમવાનો ગંજીફો લાવ.

પદ્મકળા—બહુ સારૂં (ચંદ્રાવળીને) સખી આપણા કબાટમાંથી ગંજીફો લાવ.

ચંદ્રાવલી—બહુ સારૂં, બાઈ સાહેબ.

(જાયછે અને લાવી આપે છે, પછી રમે છે એટલે તે શેહેરનો માણેકચંદ વેપારી આવે છે તે જોઈ.)

માણેકચંદ.—(એકદમ ગુસ્સામાં.)

આ હીરાચંદ પેટે, પથ્થર એતો પડીઓ;
દીપક સરખો પ્રકાશ, ઢબડીઢ થઇ નીવડીઓ.
સીંહ સરખો સમરથ, પેટે પડીઓ શીઆળ.
તેજ માંહે જાજુલ, તે હેડે થઓ નીઆલ.
પોપટ પેટ જેમ કાગડો, તેમ સપુત નામ કપુત સહી.
નામ ડુબાવ્યુ એણે કુલ તણું, એમાં સંદેહ કરો નહીં.

અભેચંદ—(ખેદયુકત થઇ)

ધીઃક ધીઃક પડિ મુજકાય—કલંક મને લાગી ગયું રે
જીવ મારો ઘણો ગભરાય—કલંક મને લાગી ગયું રે

કપુત નામ જગતમાં થયું— „ „ „
ગુણ રૂપ સહુ જતુંજ રહ્યું— „ „ „
બોળ્યું સાત પેહેડીનું નામ— „ „ „
કપુત કહેવાયો બધે હું ગામ— „ „ „

આહા દૈવ આ શો જુલમ, આહા ઈશ્વર તેં કયે વખતે આ મનુષ્યને મારી ટીકા જોવા મોકલ્યો તને શું બીજો વખત નહીં મળ્યો? આહાહા ધી:કપડચો આ અવતારને કે પીતાના મૃત્યુ પાછળ કપુત કહેવાયો.

પ્યારી મારી સાંભળો, કહુંછું તુને આજ
વહાણ લઈને જાવું હવે, વેપાર કરવા કાજ.
પણ તારૂં સ્વરૂપ જોઈને, લાગેછે દીલમાંહે
જોબન તારૂં વહીજાએ, ન રહેવાયે આંહે.
કાંમાતુરજો થાશો તું તો, કલંક લાગશો'
લાગે છે ફીકર મુને, કે નામ ડુબશે.
માટે તુને કહું છું હું, રાખજે દીલ થીર,
પ્રાણ જાએતો ફીકર નહી, પણ મન રાખજે ધીર.

બટાઉ—

સ્વામીનાથ સાંભળો, કહું છું તમને વાત,
એ વાત જો થાશે કદાચ, તો કરીશ દેહની ઘાત.
રાખશો ન ફીકર તમે, કોણ બાપની તન,
આ પ્રાણ કદાચ નીકળી જાએ, તો ન બીગાડું મંન

અભેચંદ—મીયા તેં કહ્યું તે ખરૂં છે પણ કહેલું છે કે;

જાયે જોબન જાયે રંગ, જાયે ચાલ ચતુરાઇ
જાયે રૂપ જાએ વરણ, જાયે શોભાજ સવાઈ
જાયે રૂધીર જાયે માંસ, જાયે અગ્નિ જાયે હારે
જાયે દાઢ જાએ દંત, જાયે સુખ જે સંસારે

હાથ પગે અટકે વળી, કેડ થકી બેવડ વળે ॥
સાંભળ મીયા તું માહેરી, સ્ત્રીનો વૃહુ નવ ટળે.

માટે હે મીયા જે કાંઇ કરે તેનો વિચાર કરીને કરજે અને તારા અને મારા માબાપના કુળને લાંછન લાગવા દેતી નહીં. અને જે કામ કરે તેનો ભવીષ્યમાં સું પરિણામ થસે તેનો વિચાર કરી સાહસકર્મ કરતી નહીં કારણ કે પુરૂષ કરતાં સ્ત્રી છ ગણું સાહસકર્મ કરે છે કેમકે કહેલું છે કે,

स्त्रीणां द्विगुणं हारो लज्जा चापी चतुर्गणां ॥
साहसं सदगुणं चैव कामश्चाष्टगुणस्मृतः ॥

ભાવાર્થ—પુરૂષ કરતાં સ્ત્રીનો અહાર બમણો લજ્યા ચારગણી, સાહસકર્મ (વગર વિચાર્યું કામ) છ ગણું અને કામવેગ આઠ ગણો છે.

પદ્મકળા—અરે પ્રાણનાથ આ તમે શું વદોછો આપણા કુળને લાંછન લાગે એમ નહીં કરીશ. આપ એ વાતથી બે ફીકર રહો.

અભેચંદ,—મીયા હું જાઉછું.

પદ્મકળા—સુખેથી પ્રાણનાથ માંગલ્ય કરો. (જાય છે.)

(ચંદ્રાવળીને) પ્રીય સખી ચાલો હવે આપણે શયનગ્રહમાં જઇએ.

ચંદ્રાવળી—હા ચાલો બાઇ સાહેબ. (જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ.

નગરસેઠનુ ઘર.

હેમચંદ. છેલ. અભેચંદ

હેમચંદ.—(છેલને) પ્યારા બેટા તારો મિત્ર અભેચંદ એના બાપના મૃત્યુ પછી હવે કેમ આવતો નથી ?

છેલ.—પિતાજી હું ને આસરે દિવશ બે એકપર મળ્યો હતો.

(એવામાં અભેચંદ આવે છે.)

છેલ.—(સ્વગત) અહો, કોણ, પ્રિય અભેચંદ!

અભેચંદ.—હા પ્યારા મિત્ર

છેલ.—પ્યારા મિત્ર કેમ આપને અત્રે આવવું પડ્યું?

અભેચંદ.—મિત્ર હું કહેવાને ઘણો દીલગીર છું, કેમકે હું અને મારી પ્રિયા એક વખતે મારા શયનગૃહમાં ગંજીફા રમતાં હતાં, એવામાં માણેકચંદ વેપારી આવ્યો, અને મને શીખામણ ન આપતાં કઠોર અને હૃદયમર્મ છેદ શબ્દ કહી ચાલ્યો ગયો. આ ઊપરથી થોડાક વાહાણ લઇ પ્રદેશ વેપારને માટે જવાનો નિશ્ચય કીધો છે.

છેલ.—મિત્ર એ તું કહે છે તે ઠીક છે, પણ ઘરમાં સ્ત્રીનુ જોબન ભરપુર થઇ ગયું છે; કદાચ એ કામાંધ થઇ નીચ કર્મ કરશે, અને કુળને એબ લગાડશે. (ગદ ગદ કંઠે) પણ પ્રીય હું તને જવાનું કેમ કહું, કહેતાં મારી જીભ છેદન કરૂં, પણ શાસ્ત્રને અનુસરીને ચાલતાં વિચારીએ તો જવું એ ઠીક છે. કેમકે કહેલું છે કે,

શ્લોક.

देशाटणं पंडीत मित्रताच
बारांगना राजकुलः प्रवेशः।
अनेक शास्त्राण्य वीलोकीतानी।
चातुरमूला निभवंति पंचाः॥

ભાવાર્થ—દેશદેશ ફરવું, પંડીતોની સાથે દોસ્તી રાખવી, વેશ્યાઓને ઘેર જવું, રાજસભામાં જવું, અને જુદા જુદા શાસ્ત્ર જોવા (જુદા જુદા શાસ્ત્રનો અભ્યાસ કરી સમજવા) એ પાંચ ગુણ ચતુર પુરૂષના કહેવાય છે.

પરંતુ પ્યારા મિત્ર જઇ મનવાંસના સિદ્ધ કરી, ફતેહમંદ થઇ વેહેલા પધારજો અને શુભ પત્ર લખતા રહેજો.

અભેચંદ—પ્યારા દોસ્ત બહુ સારૂ.

રજા લઇએ તમ પાસેથી, મારા ઘણા પ્રણામ,
પ્રણામ મિત્ર તુજને, બંધુ તમોને પ્રણામ, રજા લઇએ
પીતા પણ મૃત્યુ થયા, વળી મરી ગઈ છે માત,
માટે મારે જાવું હર્ષે, કહુંછું સાચી વાત, રજા લઇએ.
મિત્ર હવે જાઊં છું, કેહેજે સઉને પ્રણામ,
બોલ્યું ચાલ્યું માફ કરજે, ઘણા ઘણા પ્રણામ, રજા લઇએ.

(જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—પદ્મકળાનું ઘર.

છેલ, અકબર, પદ્મકળા ચંદ્રાવળી વગેરે.

પદ્મકળા—પ્રીય સખી,

ચંદ્રાવળી.—બાઇસાહેબ શો હુકમ છે?

પદ્મકળા—

જા સખી તું વેગીજા, સર્વજ્ઞ માનવ લાવ;
કામ વન્હિ થઇ છે મુને, તું જલદી તેડી આવ જા સખી.
જલદી જાની બજારમાં, બત્રીશ લક્ષણો સોધ.
રહેવાતું નથી મારાથી, કામ બાળે મારી કાય—જા સખી.

ચંદ્રાવળી—

ફીકર નહીં રાખવી તમે, જાઉં બજારની માંહી
બત્રીશ લક્ષણો શોધીને, તેડી લાવું હું આંહી—ફીકર નહીં
બાઇ સાહેબ ધીરજ રાખો, જાઉંછું તેડવા કાજ
કાગળનું બાનું હું કરીને, તેડી લાવું ઘર માંહી.—ફીકર નહીં.

(જાય છે અને બજારમાં એક ઉભેલા માણસને આગળ જઇને)

ચંદ્રાવળી.—માહારાજ, મારી બાઇસાહેબપર એક પત્ર આ વ્યો છે તે વાંચવાને આપ મુજ ગરીબપર કૃપા કરી પધારો.

માણસ.—લાવ પત્ર ક્યાં છે?

ચંદ્રાવળી.—માહરાજ તે અત્રે હું લાવી નથી. પરંતુ તે મારી બાઈ સાહેબ પાસે છે.

માણસ.—ચાલ ત્યારે. (આવે છે તે જોઇ દાસીને પદ્મકળા કહેછે)

પદ્મકળા.—સખી, એ માણસને કહે કે આજ બાઇસાહેબને કાંઈ કામ છે માટે કરી આપ કાલે પધારજો.

ચંદ્રાવળી.—બહુ સારૂં (માણસને) માહારાજ આજ મારી બાઇસાહેબને ઘરમાં કાંઈ કામ છે. માટે કરી આપ કાલે પધારજો.

માણસ.—બહુ સારૂં, ત્યારે હું જાઊં છું.

ચંદ્રાવળી.—હા સુખે પધારો (જાયછે પછી પદ્મકળા દાસીને ગુસ્સામાં કહેછે.

પદ્મકળા.—(ગુસ્સામાં)

ધિ:ક ધિ:ક પડી તુજ જાત,—દાશત્વપણુ નવ જાણુરે.
ધિક: ધિ:ક પડી તુજ માત,—દાશત્વપણુ નવ જાણુરે.
તારે માથે ભમેછે કાળ, " " "
મને ઉઠે છે તુજપર ઝાળ.— " " "
તમે બન્ને છો દાસીની જોડ,—" " "
પણ તુજમાં છે ઘણી ઘણી ખોડ.—" " "
તું રાખે છે બહુ અભિમાન,—" " "
તું છોડી દે મનનો ગુમાન.— " " "
તુ તો સમજીને કરની વિચાર,—" " "
મારૂં કહેલું તું લાવની આ વાર.—" " "

ચંદ્રાવલી.—(હાથ જોડી)

ક્ષમા કરોની બાઇ મુજપર,—સર્વજ્ઞ જઇ હું લાવું રે
હમણા જાઉછું ખરેખર.— સર્વજ્ઞ જઇ હું લાવું રે.
શાને થાઓછો આપ ક્રોધાયમાન, „ „
જઇને લાવુંછું ચતુરસુ જાન. „ „ „
તમે થાઓ ગુસ્સાથી શાંત,— „ „ „
લાવું બત્રીશ લક્ષણો નીરભ્રાંત.—„ „ „
ઇશ્વર તારી ગતિ છે અપાર,—„ „ „
મન ઇચ્છા તું પુરી પાડ,— „ „ „

(જાય છે અને બજારમાં છેલને ઉભેલો જોઇ)

ચંદ્રાવળી—(મનમાં) અહાહા, ઇશ્વિર ખરેખર આ પુરૂષ સર્વ-ગુણ, સંપન્ન, સર્વગુણાગુણલંકૃત, વીરપુરૂષ જણાય છે. જો એ માનવીને કાંઈ યુક્તિથી તેડી જાઉં તો ખરેખર બાઇસાહેબ ખુશી થયા વિના રહેશે નહીં. (છેલને) મહારાજ મારી બાઇસાહેબપર તેમના દેશથી પત્ર આવ્યો છે તે વાંચવા આપ કૃપાકરી ત્યાં પધારો.

છેલ—ઠીક, તારી બાઇ કયાં રહે છે?

ચંદ્રાવળી—પ્રાણદાતા, અહીં નજદીક છે ઘણે દુર નથી.

છેલ—(મનમાં) આ સ્ત્રી મને કાગળ વાંચવાનું બહાનું કરી તેડી જાય છે પરંતુ એ કામ હોય એમ લાગતું નથી પણ ચાલ જીવ જોઇએ તો ખરા (ચંદ્રાવળીને) ચાલ ત્યારે.

(જાય છે એવામાં તે શેહેરનો અકબર બાદશાહ શેહેરની ચરચા જોતો આવે છે તે તેની પાછળ જાય છે.)

ચંદ્રાવળી—(હાથ જોડી)

બાઇસાહેબ જુઓની તમે, તેડી લાવી હું આંહીં,
પરિક્ષા કરો પ્રીતથી, આવે છે ઘરમાંહી.

ઘણી મહેનતે એ જડયા, બત્રીશ લક્ષણા વીર,
બેસાડો એમને પ્રીતથી, હૃદયે રાખી ધીર.
પેલો શખ્સ આવી ગયો, તેના જેવા આ નહીં,
સાહે કરજે ઇશ્વરા, લજ્જા રાખજે તું આહીં.

પદ્મકળા—પ્યારા, પધારો.

(બેઠાપછી થોડી વારે)

છેલ—પ્રેમદા, પત્ર કયાં છે?

પદ્મકળા—અરે પ્રાણદાતા,

અમારૂં દુઃખ ભાંગો તમો, મારા પ્રાણજીવન,
કામાતુર થઇ ગઇ છું, મારૂં મનડું કરો મગન.-અમારૂં.
તમ વગર મારૂં હવે, કોણ દુઃખ ભાંગશે,
બત્રીશ લક્ષણા વીર તમો, નથી થાતું હવે શહન-અમારૂં.
તે માટે બોલાવ્યા તમને, આપણી દાસીને ઘેર,
શરીરમાં વન્હિ થઇ ઘણી, બાળે છે આ મારૂં તંન.-અમારૂં.

છેલ—

સાંભળની તું કામીના, પુછું છું તુંને વાત,
પુત્રી થાઓ કોણની, શું છે તમારી જાત.
કપટ નહીં રાખશો, જરા દીલની માંહી,
અંતરનો પડદો ખોલીને, તું કહીદેની આંહી,
જલદી કહો મુજને, ન આણો મનમાં દુઃખ,
કુળ તમારૂં સાંભળી, પછી આપીશ હું સુખ.

પદ્મકળા—

પ્યારા મારા તમે સાંભળો, દુઃખ થાએ ઘણું.
નથી ખમાતું મુજથી હવે, આપની દાસીતણું. પ્યારા.
આપે જે પુછ્યું તે કહું છું, કહું છું સાચી રે વાત,
સ્વામી મારા સફરે ગયા, તેથી થયો ઉતપાત. પ્યારા.

માત, તાતને ઓળખો નહીં, પરણાવી મુને બહાર,
હીરાચંદ શેઠના પુત્ર તે, થાય મારા ભરથાર. પ્યારા.
ઘણા દીવસ તેમને થઇ ગયા, હું થઇ ગઇ નિરાશ,
નેહ વાધ્યો મુજને અતિઘણો, આપને બોલાવ્યા પાસ, પ્યારા.

માટે કરી હે પ્રાણજીવન, પ્રાણપ્યારા, કૃપા કરી મારા આ દુઃખમાં ભાગ લ્યો.

છેલ—(મનમાં) આહા ઈશ્વર, તેં મને કેવી જંજાળના ફાંસામાં ફસાવ્યો છે અને હું આ કેવુ અણઘટતું કરૂં છું કે જેણે જતી વખતે ઘરની ખબર અંતર રાખવાનું કહ્યું હતું અને શું તેનાજ ઘરમાં આવા દુષ્ટકર્મ કરવાની વાત ચાલી રહી છે! પણ કહેલું છે કે;

શ્લોક.

निन्दन्तु नीति निपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मिः समाविशतु गच्छति वा यथेष्टम्।
अद्येव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः॥

ભાવાર્થ—નીતિમાં નિપુણ થએલા માણસ જો નિંદે અથવા વખાણ કરે, પૈસો આવે અથવા જાએ, મોત હમણા થાય અથવા યુગ પછી થાએ તોપણ ધીરા [ધીરજવાળા માણસ] ન્યાયશાસ્ત્રના રસ્તાથી આડું અવળું ડગલું ભરતા નથી (નઠારૂં કામ કરતા નથી).

માટે હે જીવ શું મારા મિત્રની સ્ત્રી સાથે આવા દુષ્ટકર્મની વાત કરૂં? અરે નહીં, નહીં; પરંતુ એ સ્ત્રીના કામવૃેહ ટાળું, કે જેથી મારા મિત્રના કુળને લાંછન લાગે નહીં. (પદ્મકળા તરફ ફરીને) પ્રેમદા આ મારી પાસે ધાતુપુષ્ટીની ગોળી છે તે તું પ્રાસન કર. પછી આપણે રંગ વિલાશ કરીશું.

(ગોળી ખાઇ જાય છે અને થોડીવારે ગોળી ખાધેથી કામ ભંગ થઇ જાય છે)

પદ્મકળા— [ગદગદીત કંઠે] પ્રાણપ્યારા, કહેવાને હું ઘણીજ દીલગીર છું કે મારી કાયા કામભંગ થઇ ગઇ છે માટે આ ગરીબ દાસીનો ગુન્હો માફ કરી કાલે પધારવાને આપ તસ્દી લેશો. પણ આ વાતની ચરચા અકબર બાદશાહના જાણવામાં આવે નહીં.

છેલ—કામીના, કહેલું છે કે,

श्लोक.

आयुर्वित्तं गृह छिद्रं मंत्र मैथुन औषधं ॥
दान मानंच अपमानं नव गुप्तानिकारयेत ॥

ભાવાર્થ—આયુષ, દોલત, ઘરનું કલંક, ગુરૂનો મંત્ર, મૈથુન, ઓષડ, દાન કરીએ તે, માન આબરૂ, અપજશ, એ નવ વસ્તુ ગુપ્ત રાખવી એ માણસનો ધર્મ છે.

અને કદાચ જાણશે તો—

કદી આ શીર અહીંથી જુદું થાય—આ વાત કદી નહીં કહું રે
કદી આંગના ટુકડા થાય—આ વાત કદી નહીં કહું રે
કદી મુજપર મુકે ખોટું આળ—આ વાત કદી નહીં કહું રે
કદી માથે ભમે ખોટો કાળ—આ વાત કદી નહીં કહું રે
એના જેવા મારેત્યાં ગુલામ—આ વાત કદી નહીં કહું રે
એનાથી શું થવાનું છે કામ—આ વાત કદી નહીં કહું રે
તે ગુલામથી ડરતો હું નથી—આ વાત કદી નહીં કહું રે
એવા અનગડથી બીતો નથી—આ વાત કદી નહીં કહું રે
પ્રેમદા એ વાતથી બીલકુલ બેફીકર રહે.

અકબર—[મનમાં ગુસ્સેથી] ક્યાકરૂં, મેરી પાસ કટારી નહીં

હે નહીંતો એ કમજાતકા શીર ઉડાદેતા, મગર કુછ ફીકર નહીં કલ ઉનકી બાત હો રહેગી. [જાયછે]

છેલ—કામીના, હવે હું જાઊં છું.

પદ્મકળા—પ્રાણાધાર, સુખે પધારો. [જાયછે] •

દાસી—બાઇસાહેબ, શયનગ્રહમાં જવાનો વખત થયો છે.

પદ્મકળા—સખી ચાલો ત્યારે.

ચંદ્રાવળી—પધારો બાઇસાહેબ. [જાય છે.]

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ.

રાજા અકબરની કચેરી.

(પ્રધાન, સેનાધિપતિ, કાજી, કોટવાળ, વગેરે બેઠા છે, ત્યાં દ્વારપાળ અકબર બાદશાહ સાથે નેકી પોકારતો આવે છે. થોડી વારે બેઠા પછી)

અકબર—પ્રધાનજી !

પ્રધાનજી—(હાથ જોડી) ખુદાવિંદ ફરમાઇએ !

અકબર—અપને શેહેરકી કયા ખબર હે ?

પ્રધાનજી—અપને શેહેરમે સબ રૈયત સલાહસંપમે દીન ગુજારતી હે.

વિદુષક—અરે સાહેબ હું તો બહુજ ખુશીમાંજ ફરૂં છું અને વળી આનંદ કરૂં છું. સાહેબ મારી તો વાત પુછવીજ નહીં.

અકબર—બોત અચ્છા [પ્રધાનજીકુ] મગર ઓ લુટારૂ ઓર ખુની લોકકા કયા બંદોબસ્ત કીયા ?

પ્રધાનજી—સબ લુટારોકુ ઓર ખુનીકુ અપના સેનાધિપતિને હકાલ દીએ, ઓર શેહેરમે ઉસ બાબતકા પક્કા બંદોબસ્ત કીઆ હે.

વિદુષક—અંનદાતા, પ્રધાનજી સાબ જુઠું બોલે છે મેં એ તો આ મારી લાકડીએથી હકાલી મેલ્યા.

અકબર—બોતઅચ્છા કીયા.

દ્વારપાળ—(સલામ કરીને) સાબ, કંચની આઇ હે.

અકબર—અચ્છા, ઉનકુ આનેદો.

(કંચની આવીને સલામ કરી બેસે છે અને પછી ગાયન ગાયછે.)

છત્રપતિ મહારાજા રે, તમને કરૂં છું સલામ.
તમને કરૂં છું સલામ રે તમને કરૂં છું સલામ.—ટેક.
તખ્તે બેશી ન્યાય કરો છો, ન્યાય કરો છો અદલ,
ગરીબને ઉગારો તમે, આપો છો સારૂં ફળરે.—તમને.
ધન્ય જનુનિ આપનીને, ધન્ય છે આપનો ટેક,
ધન્ય આપના શુરને, ખરે ન્યાયી રાજ છે એકરે.—તમને.
જજીઆ આપે કહાડીઆ ને, કાડયું સર્વેજ દુઃખ,
જુલમમાંથી ઉગાર્યા તમે, આપ્યું સર્વે સુખરે.—તમને.
બંધીવાનો આપના, સર્વે ખુશીમાં રહેછ,
શેહેરની રૈયત પણ, ઘણા ઘણા ગુણ ગાયછરે.—તમને.

વિદુષક—(કંચની પાસે જઇને) બહુ થયું બહુ થયુ (ફરીને) આહા આ કંચની કેવું મજાનું ગાય છે. (કંચનીને કહે છે) પેહેલાં હું તારે ત્યાં આવ્યો હતો ત્યારે બહુ નાની હતી, (છાતી તરફ હાથ કરી) અને આ બધું શું ફુલી ગયું છે. કાંઇ ગાંઠ બાંઠ ઘાલી છે? એનું ઓષડ જોઇએ તો મારી પાસે છે.

અકબર—પ્રધાનજી, એ કંચનીકુ ખજાનેમેસે સો અસરફી નીકાલ દો,

પ્રધાનજી—બોતઅચ્છા શાબ. (આપે છે ને જાય છે.)

દ્વારપાળ—(સલામ કરી) સાબ કોઇ ભાટ આયા હે શો આ નેકી રજા મંગતા હે.

અકબર—અચ્છા ઉનકુ ઇહાં બોલાવ.

ભાટ—(સલામ કરી)

ધન્ય ધન્ય શાહ અકબ્બર, અજબ તખ્ત તેરા હે,
ઉવાંપે બેઠકે ન્યાય કરત હે, પાપીકુ સજા તું દેવત હે.
જુલમી બ્રાહ્મ હજારોકુ તુને, રંક બનાકે પાંઉ પડાએ,
રાણુ સુરે રજપુત લોકનકુ, હરા હરાકે તાબે કીએ હે.
ચાલ સતીકા ઓર જજીઆકા, દોનો તુને બાતલ કીએ હે,
હિંદુ મુસલમીન દોનોકુ તુને, એક સરખે ઓહદ્દે દીએ હે.
વેદકા ભેદ કુરાનકી કલમો, પઢનેવાલેકુ તુને રખે હે,
ન્યાય કરતાહે ઉન્કી સલાહસે, વેદકો ભેદ તુને અછા લીઆહે.
પુરવ પશ્ચિમ ઉત્તર દખાણ, ચો મુલકોમે નામ ખડો હે,
કહે કવીગંગ સુણો સાહ અકબર જનુની પેટ તું હીરા હે.

અકબર—પ્રધાનજી!

પ્રધાનજી—(હાથ જોડી) પાદશાહ સલામત!

અકબર—ઇનકુ અપને પોશાકશાળામેસે એક શાલજોડા દો.

પ્રધાનજી—બોતઅચ્છા.

વિદુષક—આ ઠીક થાય છે, એક પછી એક આવ્યાજ કરે છે અને કાંઇ કોઇને ઓછું વ-તું તો ભાવતુંજ નથી. શાલ અને વળી જોડો અને પેલી કંચનીનો તો આશરફીઆં, એનું કેવું નશીબ કે અકબર શાબના શરફીઆં.—

અકબર—પ્રધાનજી!

પ્રધાનજી—ખુદાવિંદ.

અકબર—કલ મેં શેહેરકી ચરચા દેખનેકે બાસ્તે નીકલાથા, ફીરતા ફીરતા મેં ગુલજાર બજારમેં એક લડકા જીસ્કી ઉમ્મર સોલા સતરા બરસકી હે, ઓર કમરમેં કટાર બી રખતા હે ઓર છેલકે માફક ફીરતા હે ઓ કીસ્કા લડકા હે?

પ્રધાનજી—ખુદાવિંદ, અપને શેહેરકા નગરશેઠકુ પાંચ લડકે હે, ઊસ્મે આપને જીસ લડકેકી બાત કહી ઓ લડકા ઓ નગરશેઠકા સબસે છોટા લડકા હે.

વિદુષક—શાબ તેડી લાવું કે!

પ્રધાનજી—કાયકુ બીચમેં બોલતા હે.

વિદુષક—હું તમને બોલાવું છું, તમને બોલાવતો નથી, તમારે મુંગા મુંગા બેશી રહેવું; તમે મને ઓળખો તો છો નહીં તો રામનુ રામાયણ કરીશ. મારા જેવાને તમારે છેડવું નહીં, નહીં તો પેટનો બળ્યો ગામ બાળીશ.

પ્રધાનજી—હા, મેં તુજે પીછાનતા હું કે તેરા નામ વિદુષક હે. પેટકા બલ્યા બોલતાહે સો ક્યા તેરી ઓરતને તુજકુ ખાના ખીલાયા કે નહીં?

વિદુષક—ખાવાની વાત શું કરો છો; હું તો મારે ઘેર આજે લાડુનું ભોજન કરી આવ્યો છું.

અકબર—પ્રધાનજી!

પ્રધાનજી—ખુદાવિંદ.

અકબર—દ્વારપાળકુ નગરશેઠકે ઘર ભેજકે ઉનકો પાંચો લડકે સંગ કલ કચેરીમે આનેકી વરદી ભેજો.

પ્રધાનજી—બોતઅચ્છા સાબ. (દ્વારપાળને) દ્વારપાળ, અપને નગરશેઠકુ પાંચો લડકે સંગ કલ કચેરીમે આનેકી બરદી દેકે આઓ.

દ્વારપાળ—બોતઅચ્છા. (જાય છે.)

અકબર—પ્રધાનજી અબ કચેરી બરખરાસ્ત કરો.

પ્રધાનજી—બોતખુબ, શાબ.

(કચેરી બરખરાસ્ત થાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ.

નગરશેઠનું ઘર.

હેમચંદ, છેલ, દ્વારપાળ, તારાગવરી.

હેમચંદ—પ્રિયા, આપણા પુત્ર છેલના વિવાહ પ્રેમચંદ શેઠની

છોકરી ચંદાગવરી જોડે કરવાની વાત આપણા જેશંકર ગોર લાવ્યા છે માટે તારો શો વિચાર છે?

તારાગવરી—પ્રાણનાથ, હજુ તો પુત્ર છેલની વય પુખ્ત થઇ નથી માટે હું એ વાતમાં મારો અભિપ્રાય આપીશકતી નથી.

હેમચંદ—પ્રીયા મારો પણ એજ મત છે.

(એવામાં દ્વારપાળ આવે છે.)

દ્વારપાળ—(બારણું ઠોકી) હેમચંદ શેઠ હે કે ઘરમે?

નગરશેઠ—(સ્વગત) પ્રિયા, જોની એ કોણ બારણું ઠોકે છે?

તારાગવરી—(છેલને) બેટા જોની એ કોણ આવ્યું છે?

છેલ—જોઉં છું માતુશ્રી (જાય છે)

છેલ—(દ્વારપાળને) કોણ છે?

દ્વારપાળ—સરકાર સાહેબને મુજકુ ભેજાહે. ઓર તુમેરા બાવા કીદરહે?

છેલ—તે ઘરમાં બેઠેલા છે. (પીતાને) પીતાજી, બારણે દ્વાર પાળ આવ્યો છે અને તે આપને બોલાવે છે.

હેમચંદ—બેટા, બોલાવ એને અહીઆં.

છેલ—વારૂ પીતાજી, (જાય છે અને દ્વારપાળને) ચાલો તમને મારા પીતાજી અંદર બોલાવે છે. (દ્વારપાળ અંદર આવે છે.)

દ્વારપાળ—(સલામ કરીને) અંન્નદાતા, આપકુ સરકારને બરદી ભેજી હે કે આપ અપને પાંચો લડકે સંગ કલ કચેરીમે હાજર હોના.

હેમચંદ—બોતઅચ્છા.

દ્વારપાળ—(સલામ કરીને) સાહેબ અબ મેં રજા મંગતાહું.

હેમચંદ—અચ્છા જાઓ. (જાયછે)—(પછી પોતાના પાંચો છોકરાઓને કહે છે) બેટાઓ ચાલો રાજાને ત્યાંથી કચેરીમાં જવાનું તેડું આવ્યું છે; માટે સૌ તૈયાર થાઓ.

છેલ—પિતાજી આપ કહો છો તે ઠીક છે પણ મારે ત્યાં આવવાની કાંઈ જરૂર નથી.

હેમચંદ—બેટા, આવ્યા વિના ચાલે એમ નથી.

છેલ—ઠીક છે ત્યારે.

હેમચંદ—ચાલો પોશાક પહેરી તૈયાર થાઓ. (બધા ઉઠીને જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ

દરબાર.

અકબર, પ્રધાનજી, હેમચંદ, છેલ, વિદુષક.

અકબર—પ્રધાનજી,

પ્રધાનજી—અન્નદાતા, ફરમાઇએ.

અકબર—અપને રાજકી ક્યા ખબર ચલતી હે.

પ્રધાનજી—નામદાર, જબસે આપ ગાદીપે બેઠે તબસે કોઇકી દાદ ફરીઆદ આતીહી નહીં હે.

વિદુષક—શાહેબ, પ્રધાનજી કહે છે તે સઘળું ખોટું છે. પણ આપણા દેશમાં આજ સવારે ભારી ખુન થયાં તે કાંઇ ખબર છે?

અકબર—વિદુષક, એ તું ક્યા બોલતાહે ?

વિદુષક—અરે સાહેબ જે કહું છું તે ખરૂંજ કહું છું જુઓની સાહેબ,

આપણા શેહેરમાં ફરવા નિકલ્યો, જોયો વાંદો ત્યાં એક,
પાછળથી ખીસકોલી આવી પડી, પુરો કીધો ત્યાં છેક.
ભસ્તો ભસ્તો કુતરો ત્યાં આવ્યો, ફલંગ મારી તેવાર,
ખીસકોલીને મોંમાં પકડી, ગળી ગયો તેવાર.
ખુન થયાં છે આવા પુરમાં, ઘણી થઈ ઘુમરાણ,
અંધેર નગરી ચોપટ રાજા, આ શી છે રે મોકાણ.

ધોળે દાહાડે બન્યું છે આવું, ભારી થયાં છે ખુન,
બંદા નજરે જોઇને, થઈ ગયો સુનમુન.
ફરમાવો સો ખીચડા ખાઉને, ખોળી લાવે આંહીં,
પકડે તેને ફાંસી દેઓ તો, હું રે જાઉં હરખાઇ.

અકબર—વાહ વાહ, વિદુષક તુંને બી ખુબ કહી.

વિદુષક—હાસ્તો, સાહેબ શું ખોટું કહું કે, જે ખરૂં હોય તેજ કહું. બંદાએ તો સાચું બોલવાના સમ ખાધા છે, અને જુઠું તો બોલવુંજ નહીં.

અકબર—મેં તેરી બાત સચી માનતાહું.

વિદુષક—(કરડાકીમાં) માનો નહીં તો કહેશો કોને. સાહેબ માનો તો ઠીક છે નહીં તો આ બંદા ચાલ્યા. અમારે શું લેવું હતું પણ મને વાંદાની અને ખીસકોલીની દયા આવી તેથી ફરીઆદ કરવા આવ્યો.

(જાય છે અને નગરશેઠ આવે છે ને સલામ કરી બેસે છે.)

અકબર—ક્યું નગરશેઠ શેહેરકી ક્યા ખબર હે?

હેમચંદ—(હાથ જોડી) અંન્નદાતા, શેહેરમે કોઇકીબી અફવા નહીં હે.

અકબર—આપકુ કીતને લડકે હે?

હેમચંદ—ગરીબપરવર, (છોકરાં તરફ આંગળી કરી) એ પાંચ લડકે હે.

અકબર—એ લડકોમે છેલ કીનકા નામ હે?

હેમચંદ—(છેલનો હાથ પકડી) એ રહ્યા.

અકબર—(છેલને) અએ છેલ તુંમ ઇદર આઓ.

(પાસે બોલાવી બેસાડે છે.)

અકબર—પ્રધાનજી!

પ્રધાનજી—(હાથ જોડી) જાંહાપના!

અકબર—એ નગરશેઠકુ ઓર ઉનકે ચારો લડકેકુ શાલ સરપાવદો.

પ્રધાનજી—બોતખુબ સાહેબ.

(સાલદોસાલા શેઠને તથા તેના ચાર છોકરાને આપી વદાય કરે છે)

અકબર—(છેલને) અય છેલ સચ્ચેસચ્ચી બાત કહે કલકી રૈન તેરી કેસી ગઇથી? જા તેરા ગુન્હા બક્ષિસ કરૂંગા.

છેલ—

સુણો અકબરશા મારી વાત, રૈન ઝાલી નથી મેં હાથ,
કાલે નથી ગયો બાગમાં, સાચું કહું તમ સાથ.
બીજી રૈન કેહેવાય કબરની, નવ જોવી ઘટે,
તે કદાચ જોવું તો, મહીમા મારો ઘટે.

અકબર—

જુઠી બાતા કરતાહે તું, મમત છોડ નાદાન,
ખાલી જીકર કરતા હે તું, કટાઉં નાક ઓર કાન.

છેલ—

અપરાધ મારો કરો ક્ષમાય, મુરખ મારી કાય,
સાહેબ રૈન શું થાય છે, ભેદ ભાંજોની આંહે.

અકબર—

રૈનકુ હમ કેહેતે હે, જીસે તુમ કેહેતે રાત,
કલકી રાત તેરી કેસી ગઇ, ઓ સચ્ચી કહેદે બાત.

છેલ—

ભાષા છે આ તમતણી, સમજ નહીં લગાર,
રૈનને કહો છો રાત તમે, સમજ્યો હું નિરધાર.
રાતે લખવા બેઠોતો, નિંદ્રા આવી અપાર,
ખબર રહી નહીં દીલમાં, જમીન સુતો નીરધાર.

એવી રેનો નિરચે જાએ, મુરખ કહેછે સઉ,
ઓજ નથી મારો ઘરમાંહે, દુઃખ મુજને છે બહુ.

અકબર—અય છેલ, મેને જો, તુજકુ બાત પુછીહે ઉનકા સચ્ચે સચ્ચા જુવાબ દેતા નહીં હે.

છેલ—અન્નદાતા, જીતની બાત મેં જાનતાથા ઓ સબ મેને તુમકુ કહી.

અકબર—(મનમાં ગુસ્સે થઇને) અપન જ્યું જ્યું નરમ દોરી રખતે હે ત્યું ત્યું અપને શીરપે ચડતા હે, ચોરી કરકે ઉપરસે શીરજોરી બતાતા હે.

છેલ—[ગુસ્સામાં] નામદાર, આપકી મેંને ક્યા ચોરી કીહે!

અકબર—અચ્છા, અચ્છા, તુજે સબકુચ દીખાતાહું. [પ્રધાનજીને એકદમ ગુસ્સામાં] પ્રધાનજી!

પ્રધાનજી—ખુદાવિંદ!

અકબર—અબીકે અબી ઇનકુ સુળી ચડાઓ.

પ્રધાનજી—બોતઅચ્છા.

છેલ—

વગર વિચારે ન્યાય કીધો શું,
પણ શુળી ચડવાને તૈયાર છું હું—વગર વિચારે.
ખુન કે ચોરી નથી મેં કરી રે,
પટાવી મનાવે છે તું મુજનેશું—વગર વિચારે.
મુરખ પાદશાહ છે રે તું રે,
તેની જોડે બેવકુફ પ્રધાન છે તું—વગર વિચારે.

છેલ—કુછ ફીકર નહી આખર તુંહી પસ્તાયગા. [જતી વખતે] અરે દૈવ! આ તેં શું કિધું, મેં એવા શું દુષ્ટ કૃત્ય કર્યાં કે મને આ પાપી, ચાંડાલ, યવન સુળીનો હુકમ કરે છે, અને આ નિર્દય વજીર સુળી આગળ લઇ જાય છે, અરે દૈવ! મારાં એવાં શું દુષ્કીત કર્મ કે મારી

અંતઃવસ્થાને સમયે મારા માતપીતા કે બંધવા કોઈ નહીં. અરે ધરતીમૈયા સમાગ દે સમાગ દે કે હું તારા વિકાસ પામેલા જ્વાળામુખમાં સમાઈ જાઉ. અફસોસ!

પ્રધાનજી—ચલ અબ બોત હુઆ. [જાય છે]

પ્રવેશ ૪ થો.

સ્થળ—પદ્મકળાનું ઘર.

પદ્મકળા, ચંદ્રાવળી.

ચંદ્રાવળી—બાઈસાહેબ આજ આપને માટે ભોજન શું કરવું છે?

પદ્મકળા—મીચ સખી, આજ આપણા પ્રાણપ્યારાને અત્રે ભોજનને માટે નિમંત્રણ કહેવાડીશું માટે કરી, બત્રીશ વાની રશોઈ તૈયાર કર.

ચંદ્રાવળી—હા બાઈસાહેબ.

[એટલામાં છેલને સુળીએ લઇ જતાં જોઇ]

પદ્મકળા—[રૂદન કરી]

આ શો ગજબ થયો ઇશનો, આફત આવી ચડી,
મરે છે બીચારો મારે લીધે, જીવવું એક ઘડી—આ શો.
કાયા જો ભંગ ન થાતે તો, લડવાતે લાડ,
પ્યારા તારી સ્થીતિ જોઇને, જેવો ફાટે છે પહાડ—આ શો.
પાપ પ્રગટયા કયા જનમના, દૈવે વાળ્યો છે દાટ,
શુળી ચડાવે આ તુજને, ફાટે ઉર ચચડાટ—આ શો.
નિર્દોષ પ્યારા તું માહેરા, તુજપર વહાલ અતિશ,
સુળી ચડાવતી વેળાએ, કેવી પાડશે ચીસ—આ શો.
સાહે થજે પ્રભુ તું હવે, ન કર તું પરીતાપ,
જીવું હું એના વગર તો, બ્રહ્મહત્યા શીર પાપ—આ શો.

બેસી રહે સીદ્ધી નથી, યુક્તિ કાંઇ કરૂં,
યુક્તિમાંથી નાહીં બચે તો, ઝેર ખાઇ મરૂં—આ શો.

હે વિશ્વેશ્વર, વિશ્વવ્યાપી, શાંતરૂપ, સર્વેનો પ્રકાશ કરનાર, પરમ કૃપાળુ, શક્તિમાન છો. એ મારે લીધે કષ્ટ પામે છે, એ સર્વજ્ઞ પુરૂષ છે, તેથી એ વાત તો કબુલ કરશેજ નહીં માટે ધિઃક છે આ અવતારને કે હું સુખમાં રહું અને એ કષ્ટ ભોગવે. (સખીને) પ્યારી ચંદ્રાવળી આ રક્ત વસ્ત્ર પહેર, અને આ દ્રવ્ય ભરેલી તબક માણપ્યારાની સુળી પાસ જઇ લુટાવી આવ.

ચંદ્રાવળી—બહુ સારૂં બાઇસાહેબ. (જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—નગરશેઠનું ઘર.

હેમચંદ, છેલ, પ્રધાન, તારાગવરી વગેરે.

હેમચંદ—(પોતાના પુત્રને) પ્યારા પુત્રો, હજુ છેલ કેમ આવ્યો નહીં?

મોટો પુત્ર—પિતાજી, કાંઇ કામમાં રોકાયો હશે તેથી આવતા વાર લાગી હશે.

હેમચંદ—(પોતાની સ્ત્રીને) પ્રીયા, કાંઇપણ છેલની તકસીર થયા વિના આટલી બધી વાર લાગે નહીં.

તારાગવરી—પ્રાણનાથ, કાંઇપણ એની રાવ રાજાને કાને પડી હશે, તેથી આપને વેહેલા વિદાય કરી, તેને બેસાડયો હશે.

(એટલામાં પુત્ર છેલને ફાંસીએ લઇ જતા જોઇ)

હેમચંદ અને **તારાગવરી**—(રૂદન કરી) અરર પ્યારા પુત્ર, આ તારાપર કેવી આફત આવી અડી. અરેરે કૃપાલુ, ઓ સર્વજ્ઞાતા, તને કાંઇ આ મારા નાના લાડકા પુત્રની દયા નથી આવતી. શું તારી પાસ એનીજ ખોટ પડી કે તું એને મારી પાસેથી પાછો બોલાવેછે?

અરેરે ધરતી મૈયા, સમાગ દે સમાગ દે, કે જેથી તારા ક્ષુધારૂપી વકાશ-માં, મારા અતિપ્યારા પુત્ર પેહેલા મળી સમી જાઊં. અફસોસ, અફ-સોસ. (રડે છે.)

છેલ—અરે મારા વહાલા માતપીતાજી, તમે આટલો બધો શોક કેમ કરો છો, મારા ભાગ્યમાં જે લખ્યું હશે તે ભોગવ્યા વિના છુટકો નથી. કહેલું છે કે,

> કિસ્મત થકી પરીવાર, કીસ્મતથી ધરૂણીધર સુતે,
> કિસ્મતથી વણજવેપાર, કીસ્મતથી લક્ષમી મીતે.
> કિસ્મત પ્રમાણે બુધ, ચાલ ચતુરાઇ તે ચાલે,
> કિસ્મત પ્રમાણે વેપાર, લેખ લખ્યા હોય ભાળે.
> સુખ દુઃખ વ્યાધી હાણ તે, કીસ્મત પ્રમાણે આવી મળે,
> માટે પિતાજી કહું છું, તે કોઇનું ટાળ્યું નવ ટળે.

માટે હે પિતાજી હીમ્મત પકડો. કિસ્મતમાં લખ્યું હશે તે થશે.

પ્રધાનજી—(છેલને આચકો મારી) ચલ ચલ અબ બોત હુવા, કયા કિસ્મત કિસ્મત બક રહા હે!

છેલ—ચલ ભાઇ. (જાય છે પછી)

તારાગવરી—

> પુત્ર તું મુજને ટળવળતી, મુકી શું ગયો,
> આ દીલમાં મારી કટાર, અરે ઓ કયાં ગયો.
> કયા જનમના પાપ તે, આ ભવ આવી મલ્યા,
> કે જેથી મારા મનને, ધાકાર થઇ પડયા.
> પુત્ર ઓ મારા લાડકા, તુજપર આ શું થયું,
> શાહે થાની મભુ તેં, આ શું કિધું.
> પાલણ કરનારા છો, આ સૌના આધાર જો,
> નિર્દોષ પુત્ર તમારાને ઉગારજો.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—શુળી.

છેલ, પ્રધાન, ચંદ્રાવળી.

પ્રધાન—કાયકુ નકામાં જાન ગુમાતા હે? સચ્ચા બોલ દે તેરા ગુન્હા બક્ષિસ કરાઉંગા.

છેલ—મેં કુછ જાનતા નહીં હું. ક્યા સચ્ચા કહેલાતા હે?

પ્રધાન—જબ ચડજા, ઓર તુજે ખુદાકી બંદગી કરની હોય સો કરલે.

(છેલ સુળીનું એક પગથીયું ચડી ગળામાં ફાંસીની દોરી ઘાલી ઇશ્વરની સ્તુતી કરે છે.)

પ્રભુ ધ્યાન ધરૂ હું તારૂં, તારો બાળ મરે ન લાગે સારૂં,
પ્રભુ સાહે થજે તું આ વારે, નિરઅપરાધીને આ મારે.
પ્રભુ મેં શું રે કીધું મેં શું રે કીધુ કર્મ એવું નઠારૂં—પ્રભુ.
પ્રભુ સુળી ચડાવે આ મુજને, આ જીવ સોંપુ છું તુજને,
પ્રભુ મેં શું બગાડયું શું રે બગાડયું કર્મ એવું તારૂં—પ્રભુ.
પ્રભુ બીન ગુન્હેગાર છું હું, તે વાતનો જાણનાર છે તું,
પ્રભુ કેમ લાગે છે કેમ લાગે છે આવું તુને પ્યારૂં—પ્રભુ.

(એવામાં દાસી ચંદ્રાવળી દ્રવ્યની થાળી લઇ આવે છે અને સુળી આગળ લુટાવે છે.)

પ્રધાન—(દાસીનો પાલવ પકડી) તું કીસ્કી લડકી હે? ઓર એ પેસા કાયકુ તુને લુટાયા? ઓર તેરા નામ ક્યા હે?

ચંદ્રાવળી—(તમાચો મારી) ખબડદાર દુર રહે પરાઇ નારીનો શું પાલવ પકડવાનો કહ્યો છે? લે આ ચીઠી અને એ તારા રાજાને આપજે તે તને સમજાવશે; અને જો તું ચતુર હોય તો સમજજે મારૂં નામ એ છે કે,—

શ્લોક.

पंचप्रिया नपांचाली द्वीजिव्हा नचसार्पिणी॥
वा नरीं नचकृष्णस्या तस्याहं कुलबालिका॥

ભાવાર્થ—જેને પાંચ ભરથાર છે પણ તે દ્રૌપદી નહીં; બે જીભ છે પણ તે સાપણ નહીં; તે કાળી છે તેના કુળના આદમીથી ઉતરી આવી છું.

અને જો આમાં સમજાણ નહીં પડી હોય તો જો કહું છું તે સાંભળ.

મુજ પિતા સૌથી રંક છે, એક અમીરથી ઝાઝો,
માને સઘળો સંસાર છે, જશ મહીમા ઘરે ઝાઝો—મુજ.
બે જીભ્યાની એક નાર, તેની ઘણી છે મેહેર,
તને માંથે છે પાંચ ધણી, અષ્ટમાસિદ્ધ સૌ ઘેર—મુજ.

(જાય છે)

પ્રધાનજી—(મનમાં) એ કીસ્કી લડકી આગઇ અપનકુ દો સમસ્યા કહે ગઇ ઉસ્મે બીલકુલ સમજ હુઇ નહીં. એ ચીઠી રાજાકુ દેવે, કે ફાડડાલે. એ છેલકુ પુછે બીગર ભેદ પાવેંગે નહીં. (છેલને) અય છેલ એ ક્યા નામ કહે ગઇ સચ્ચે સચ્ચા બોલ નહીં તો તેરેકુ રાજા પાસે લેજાતાહું.

છેલ—મીજે કુછ માલુમ નહીં હે.

પ્રધાનજી—જબ ચલ પીછે સરકાર પાસ.

છેલ—ચલો જબ, મેં કુછ ના કહેતાહું; (જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—દરબાર.

અકબર, છેલ, પ્રધાનજી, સેનાપતિ, કાજી, જેશંકર.

અકબર—સેનાપતિ!

સેનાપતિ—જી નામદાર!

અકબર—અબીતલગ મેધાનજી કયું નહીં આયા?

સેનાપતિ—ખુદાવિંદ, અબી આતાહોયગા.

(એટલામાં મેધાનજી આવે છે.)

મેધાનજી--(સલામ કરી) ઝાંહાંપના, એ છેલકુ આપકા હુકમ મુજબ સુળીકી પહેલી સીડીપે ખડા રખાથા, ઇતનેમે એક ઓરત આઇ, ઓર આકે સુળીપે જયાં છેલકુ ખડા રખાથા, ઉવાં પેસા લુટાયા. લુટાકે જાતી બખત મેને ઉનકુ પુછા, કે તું કીનકી લડકી હે? ઉસી બખત મેરેકુ એક તમાચા મારા, ઓર આપકે ઉપર એ ચીઠી ભેજી હે. (ચીઠી આપે છે) ઓર ગાયનમે બી, કુછ સમશ્યા કહેકે ચલીગઇ.

અકબર—(મનમાં ચીઠી વાંચી) ચીઠીકા ભેદ મુજે પાતા નહીં હે. (ગોરને) દેખોને પ્રોહીત મહારાજ ઇસમે કયા લીખા હે?

(આપે છે અને ઉપરનો શ્લોક વાંચી ભાવાર્થ કહે છે.)

જેશંકર—મહારાજાધીરાજ ઇસ ચીઠીમે એક શ્લોક લીખા હે. જીસકા માયના એસા હે કે, "મુજકુ પાંચ ખાવીંદહે મગર મેં દ્રોપદી નહીં હું, દો જીભ હે મગર શેતાન (સરપ)નહીં હું, ઓર મેં કાળીહુ" એસા ઇસમે લીખા હે.

અકબર—પ્રોહીતજી, ઉનકા ભેદ કયા ઓર એ કીનકી લડકી હુઇ!

જેશંકર—નામદાર ઇનકા માયના લેખણ હુઆ.

અકબર—પ્રોહીતજી, એ તુમને કહા સો સચ હે. મગર, બરોબર ભેદ માલુમ હોતા નહીં હે. (છેલને ગુસ્સામાં) જાંહાંતલગ અય કમજાત, સચ્ચેસચ્ચા બોલેગા નહીં ઉવાંતલગ, મેં તુજકુ બોત રીબારીબાકે મારુંગા. નહીં તો સચ્ચા બોલ. તેરી સુળી આગુ કોનસી ઓરતને આકે પેસા લુટાયા? ઓર એો કયા સમશ્યા કહેગઇ!

છેલ—નામદાર, ઇસ બાતમે કુછ જાનતા નહીં હું

સુળી ચડાવો મુજને, ચડવા તૈયાર છું,
પણ અરજ મારી સાંભળો, એક વાત તમને કહું.
બોલાવ્યો પાછો સુળીથી, મુજને નામદાર,
હુકમ થાસે આપનો, તે કરીશ હું આ વાર.
જેણે વચન ફેરવ્યું, તે કેવો કહેવાય રાજન,
પણ ધારૂં છું મારા મનથી, તે બે બાપનો તન.
પાદશાહ થઇને વચન ફેરવે એ નવ ઘટે,
એવાં કર્મ કરવાથી, ફતેહ નહીં મળે.

ઉસબાસ્તે અન્નદાતા, આપકા હુકમ જો હોય સો ફરમાઇએ.

અકબર—કાજીજી !

કાજી—ખુદાવીંદ !

અકબર—અય ચંડાળ મુજીકુ મેરે મોં આગુસે અબીકે અબી દુર કરો, ઓર ઉનકુ સુળીગે ચડાદો.

કાજી—બોતખુબ સાહેબ. (છેલને) ચલો અબ તુમારી કમબખતી આઇ. મેરે હાથમેસે છુટના બોત મુશ્કીલ હે.

છેલ—કુછ ફીકર નહીં જો તગદીરમે લીખા હોયગા સો હોવેગા.

(જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—પદ્મકળાનું ઘર.

પદ્મકળા, ચંદ્રાવળી.

પદ્મકળા—(દાસીને) પ્રીય સખી, તેં પ્રાણપ્યારાની સુળી આગળ જઇ શું કીધું?

ચંદ્રાવળી—બાઇસાહેબ, આપના હુકમ મુજબ દ્રવ્યની તબક, પ્રાણપ્યારાની સુળી પાસે જઈ લુટાવી, પાછી આવતી હતી તે દરમ્યાનમાં, પ્રધાને મારો પાલવ પકડી નામ પુછવા લાગ્યો, ત્યારે મેં એને

એક તમાચો મારી પાલવ છોડી નંખાવ્યો, અને ન સમજ પડે એવી શામશ્યા કહી ચાલી આવી.

પદ્મકળા—શાબાશ, ખરૂં છે સાબાસ દાસી તુજ જાતને ધન્ય છે કે, તે પ્રાણપ્યારાને સુળીના વિઘ્નમાંથી બચાવ્યો.

ચંદ્રાવળી—બાઇસાહેબ, કરતા હરતા શ્રીહરી છે, એના દીલમાં જેવું ગમશે તેવી આપણને બુદ્ધી આપશે.

(એવામાં છેલને સુળીએ પાછો લઇ જતો જોઇ)

પદ્મકળા—(રૂદન કરી)

પાછો સુળીએ ચડવા જાએ, આ દુઃખ મુજથી ન ખમાએ,
એ તો સાચી નવ કહે વાણ, મારે લીધે આપે એ પ્રાણ;
હૃદયમાં બળે છે લાહે, આ દુઃખ મુજથી ન ખમાએ.
રાજા ગુસ્સે થયો આ દીશ, તે તો છેદવા બેઠો શીશ,
જીવ મારો ઘણો અકળાયે—આ દુઃખ મુજથી ન ખમાએ.
મારે લીધે પામે છે દુઃખ, ધિઃકાર પડયું આ સુખ,
તનના તાપ મારા ન સમાએ, આ દુઃખ મુજથી ન ખમાએ.
મારો તેડયો એ આવ્યો અહીં, પાક મોહબતથી વાતો કહી,
અંગારા ઊઠે દીલમાંહે, આ દુઃખ મુજથી ન ખમાએ.
તુજ વિના દેહ નવ ધરૂં, પ્યારા તારી સંગાતે હું મરૂં,
ઇશ્વર થાની તું સાહે, આ દુઃખ મુજથી ન ખમાએ.

(મુર્છા પામી)

અરેરે મારા પ્રાણપ્યારા! તમવિયોગે હવે મારાથી લેશમાત્ર પણ રહેવાતું નથી! તમવિયોગે ખરે હું એક આફતમાં આવી પડી છું! અને તે આફતમાંથી ઇશ્વરવિના બચાવનાર કોઇ નહીં રહ્યું! અરેરે મારા પ્રાણપ્યારા! શું હવે તેજસ્વી મુખારવીંદ ફરીથી જોવા નહીં પામવાની? દીવસે ખાવું પીવું, અને ઘરનું કામ કાંઇજ સુઝતું નથી; અને રાત્રે શયન કરવાની બીલકુલ ઇચ્છા થતી નથી. અરે મારા પ્રાણપ્યારા

હું હવેદોને આધારે રહીશ![સાવધ થઇ ગુસ્સામાં] અરે નિર્દય પાપી દુષ્ટ ચંડાળ અકબર, તેં મુજ રંક નીરાધાર અબળાને રખડાવાનો વિચાર કીધો છે, તે તારાપર પ્રભુ શું રાજી થશે? આ રંકની આંતરડી કકળાવી ક્યાં જશે? જેવો તું મને રખડાવશે તેવી ખચ્ચીત દશા તારી થશે. તારા જેવા હરામખોરને નરકમાં પણ સ્થાન મળશે નહીં. અરે મારા કૃપાળુ જગદીશ્વર! તું જવિના કોણ બચાવશે. માટે હે પ્રભુ કૃપા કરી મારા પ્રાણપ્યારાની આફત દુર કર. [ચંદ્રાવળીને] ચંદ્રાવળી, આ કૃષ્ણ વસ્ત્ર પેહેરઅને સાત જાતનું અનાજ ભેગું કરી, લુટાવીઆવ.

ચંદ્રાવળી—બહુસારૂં બાઇસાહેબ [જાયછે.]

પ્રવેશ ૯ મો.

સ્થળ—શુળી.

છેલ, કાજી, ચંદ્રાવળી.

કાજી—[છેલને] અય છેલ કાયકુ તું તેરા જાન નાહક ગુમાનેકુ તૈયાર હોતા હે?

છેલ—કુછ ફીકર નહીં, સાચકુ કભી આંચ આનેવાલી નહીં હે.

કાજી—તબતો ચડજા. સાચકું આંચ લગતી હે કે નહીં? અો દેખેગા.

છેલ—[ઇશ્વરસ્તુતી કરે છે.]

ઓ પ્રભુ મુજપર નકામું દુઃખ પાડે છે તું શું,
નકામા ફેરા ખવાડે તું, એવા પાપ કીધા તે એં શું—ઓ.
માબાપના જીવ ઊંચા થાચે, હજુ કેમ ન આવીયો,
પણ મને કાંઇ નથી લાગતું, માબાપને દુઃખ દે ન તું—ઓ.
મારે લીધે તેમણે તજ્યા હશે, અન્નને પાણી'
લાડકવાયો હું છું તેમને, છોડવીને ઘેર મોકલ તું—ઓ.

બોલાવે હસતો સુળીએથી, રડતો પાછો મોકલે,
દુઃખ વેઠવું પડે છે મુને, સુળી ચડાવી દેની તું—ઓ પ્રભુ.

અરે ઓ સત્યરૂપ, સર્વ વ્યાપક, વિશ્વંભર, તું મુજપર આ દુઃખનો શું વરસાદ વરસાવી રહેલો છે. જો મારૂં એ બહાને મોત હોય તો મુજને આ શ્રષ્ટીમાંથી ઉપાડી લે. મારાથી આવા સંકષ્ટના માર સહન થતા નથી. પણ નહીં, તું મારી સચ્ચાઇની કસોટી કરતો હશે. માટે હે કૃપાળુ સચરાચર જગદીશ્વર, સહાય થા સહાય થા.

[એવામાં દાસી સોનારણને વેશે સાત જાતનું અનાજ લાવી લુટાવે છે.]

કાજી—[પાલવ પકડીને] અય ઓરત તું કોનહે! ઓર તુને ઇદર આકે અનાજકી ટોકરી કાયકુ લુટાઇ! ઓર તું કીનકી લડકી હે! તેરા નામ બતા!

ચંદ્રાવળી—(તમાચો મારી) ચલ હઠ દુરશે બાત કર, અકબરકે રાજમેં ઓરત જાતકા પાલવ પકડનેકા હુકમ નહીં હે. મગર તુજકુ મેરા નામ કહેતી તો હું, લેકીન ઉસમે સમજના બોત કઠીનહે

શ્લોક.

नित्यंजुहोति द्रव्याणि चौर्यकारी दिनेदिने ॥
शत्रुमित्रं नजानाति तस्याहं कुलबालिका ॥

ભાવાર્થ—હંમેશા દ્રવ્યનો હોમ કરનાર (લુચ્ચાઇથી ઠગી લેનાર સોની) જે મિત્ર તથા શત્રુનો ભેદ જાણે નહીં તેની છોકરી છું. (સોનીની છોકરી છું.)

ચંદ્રાવળી—ક્યું સમજ પડી કે નહીં! ન પડી હોય તો કહેતી હું સો સુન.

મુજ પીતામાં ગુણ છે અપાર, ઠગાઇ વિદ્યા પાસ,
ભલા ભલા ઠગાઇ જાએ, કરે હુન્નર પ્રકાશ—મુજ.

સગી બેનને છોડે નહીં, માની લેજે વાત,
એવા કુળની છોકરી, એ છે મારી જાત—મુજ.

(એમ કહી જાએ છે.)

કાજી—(મનમાં) એ ઓરત અપના કયા નામ કહે ગઇ સો કુછ મુજે સમજ હુઇ નહીં; અય ખુદા, અકબરશા મુજે પુછેગા સો મેં કયા જુવાબ દઉંગા. એ છેલકુ પુછેંગે ઓબી જુવાબ બરોબર ન દેવેગા. અબ કયા કરના. અરે અલ્લા મુજે કુછ દુસરા રસ્તા માલુમ પડતા નહીં હે. મગર હાં, હાં. એક રસ્તા હે કે ઇનકુ પીછે લેચલે. ઉવાં અકબરકે દીલમેં જો આવેગા સો કરેગા. (છેલને) અય છેલ, સચ્ચે સચ્ચી કહે દે.

છેલ—કાજીજી આપ એસે જઇફ હોકે મુજે કાયકુ નકામે સતાતે હો. જો કુછ કરના હોય સો આપ વિચાર કરકે કરો.

કાજી—ચલો જબ પીછે દરબારમેં.

છેલ—જેસી આપકી મરજી.

(છેલના ગળામાંથી ફાંસો કાઢીનાંખી લઇ જાય છે.)

પ્રવેશ ૧૦ મો

સ્થળ—દરબાર.

અકબર, છેલ, પ્રધાનજી, કાજી, પોહીતજી.

અકબર—પ્રધાનજી!

પ્રધાનજી—ખુદાવિંદ!

અકબર—જો ઓરત ઉવાં આઇથી ઉનકા નામ અપને પોહીતજીને કલમ બતાઇ, મગર ઉનકા નામ કયા હુ સો બરાબર હોના ચઇએ.

પ્રધાનજી—ખુદાવિંદ! મેરી સમજમે એસા આતા હે કે છેલ સબ જાનતા હે, મગર ઓ જીદકે લીએ અપનકુ કહેતા નહીં હે.

(એવામાં કાજી છેલને પાછો લઇ આવે છે.)

કાજી—(હાથ જોડી) ખુદાવિંદ! આપકા હુકમ મુજબ એ છેલકુ સુળી પાસ લેગયા, ઓર ઉનકુ ઉંચે ચડાતાથા, ઓ દરમ્યાનમે એક ઓરત સાત જાતકા અનાજ ટોકરીમે લાઇ, ઓર ઊવાં આકે લુટાઇ, ઓર પીછે જાનીથી, ઊસી બખ્ત મેને ઊનકુ પુછા, કે તું કોનહેં? ઓર કીનકી લડકી હે? જદ ઓ ઓરતને એક તમાચા મારકે મુજે એ ચીઠી દીહે (ચીઠી આપે છે). ઓર દુસરા એસા બોલી કે "મેરા બાપ એસા ઠગ હે કે ઓ સબકુ ઠગતા હે, સગી ભેણકુબી ઠગનેમે ડર નહી ખાતા હે" ઊતના કહેકે ઓ ચલીગઈ.

અકબર-(મનમાં) અય ઓરત શાબાશહે'તેરી છાતીકુ, કે તું કીસીસેબી ડરતી નહીં હે. ઓર તુને પ્રધાનકુ, ઓર એ બુઢે કાજીકુબી, પદર નહીં કીએ. અચ્છા કુછ ફીકર નહીં. [છેલને ગુસ્સામાં] અય છેલ! મુજે તેરી સચ્ચી બાત ક્યા નહીં કહેવેગા? સચ્ચે સચ્ચી બાત કહેદે, નહીંતો ઇસ બખ્ત મેં તેરેકુ કબી નહીં છોડુંગા. [પ્રોહીતને] પ્રોહીતજી, દેખોને ઇસમે ક્યા લીખા હે? [આપેછે].

પ્રોહીતજી—[વાંચેછે] અનદાતા, ઇસકા અર્થ એસા હેકે, "મેરા બાપ બડા ઠગ હે, ઓ અપને મિત્રકુ ઓર દુશ્મનકુ, ઓર અપની ભેણકુબી ઘડીમે ઠગે."

અકબર—પ્રોહીતજી, એ તુમને કહા સો સચ્ચ હે, મગર ઠગ હે સો કોનસા? ક્યા રંડીબાજ હોતાહે?

પ્રોહીતજી—નામદાર, એસાઇ હોતાહે.

અકબર—[છેલને] અય છેલ અબ તેરા ક્યા બીચાર હે? તેરી જીંદગી સલામત રખની હે કે ગુમાની હે? નહીં તો તેરી જાનકી ખુવારીહે.

છેલ—

પાદશાહ તુજમાં કાંઇ જ્ઞાન નથી,
સત્ય વાત કહું છું માનો કથી—પાદશાહ.
વચન વિશે તમને કહ્યું હતું મેં,
ચાલે છે ઉલટી તમારી મતિ—પાદશાહ.

તોએ જ્ઞાન ન આવ્યું તમને,
સમજાવશે પ્રધાન અમારી વતી—પાદશાહ

આકબર—(ગુસ્સામાં ઊઠી છેલનો હાથ ઝાલી) અય કમજાત, ઇસવખ્ત મેં તુજકુ લેજાતાહું. ખુબ યાદ રખ, અબ મેરે હાથમેંસે છુટના બોહત મુશ્કીલ હે.

છેલ—જોકુછ હોનેવાલા હે સો હોયગા; તમ કયા કરોગે.

અકબર—જબ ચલ તુજકુ બતાતાહું. [પ્રધાનને] પ્રધાનજી! તુમભી ચલો. [જાય છે.]

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—પદ્મકળાનું મકાન.

પદ્મકળી, ચંદ્રાવળી.

પદ્મકળા—પ્રીય સખી ફરી પાછું જઇને શું કીધું?

ચંદ્રાવળી—બાઇસાહેબ, આપે જે પ્રમાણે કહ્યું હતું, તે મુજબ પ્રાણપ્યારાની સુજી પાસ જઈ લુટાવ્યું. તે દરમ્યાનમાં કાજીએ આવી મારો પાલવ પકડી નામ પુછવા લાગ્યો, ત્યારે એક જોરથી તમાચો મારી સોનારની છોકરી છું, એવું સમશ્યામાં કહી ચાલી આવી.

(એવામાં છેલને સુજીએ પાછો લઇ જતાં જોઇને)

પદ્મકળા—(મુર્છાગત થઇને)

અરર ઇશ્વરા, શું હવે કરૂં, પ્યારાની સાથ હું જઇને મરૂં,
ઓ પ્રભુ હવે, થાની સહાયરે, મરણે જાયછે, હાય હાયરે.
કરમ ફુટડું શું સુઝી મતિ, પુર્ન પ્રાશ્રને આણી આ ગતિ,
પરમ બ્રહ્મરે, પ્રાર્થના સુણો, અવગુણો કદી નાથ ના ગણો.
ચરણ પંકજે, પાય લાગું છું, દુરિત કર્મની ક્ષાંતી માગું છું,
પ્રભુ કૃપા કરી, રક્ષણ કરો, દીનજન સ્થીતિ, લક્ષમાં ધરો.
નથી શરણ કો, નાથ તું વિના, રટું છું મુખથી, પાપની ક્ષમા,

દુરિત કર્મતો, મેં કીધા બહુ, તદપિ આશરો, આપનો ગ્રહુ,
અંતિ દયા કરી, હાથ ઝાલશો, ત્રિવિધ, દુઃખ સંતાપ ટળશે.
વિપતિ સંકટે, સાહાયતો કરો, પ્રભુ કૃપાતણો, આશરો ખરો,
અવસરે તમે, સાહ્યતા કરો, પ્રભુ કૃપા કરી કષ્ટને હરો.

ઓ મારા મહાન ઇષ્ટ દેવ, પરમકૃપાલુ, જગકર્તા પ્રભુ હવે મારી શુ વલે થશે, આ પાપી દુષ્ટ ચંડાળ ખાટકી અકબ્બર શું પીછો નહી મુકે? ઓ જગનનિયતા, ન્યાયના ચલાવનાર, સર્વ વ્યાપક, હું જન્મી ત્યારથી તે આજ સુધી જાણે અથવા અજાણે કંઇ પણ ખોટું કામ કરી તારી અકૃપાને પાત્ર થઇ હોઉતો, આ પાપી, નીરાધાર રંક અબળાને અતિ દુઃખના માહા સાગરમાંથી સુખના કિનારાપર લાવ, અને મેં મરા મસ્તક ઉપર જે જે સંકષ્ટના મેઘ ગગડાવી પાડયાં તે તો મે તરફડિયા મારી સહન કીધા, પણ હવેતો શાહન કરવાને તદન અશક્ત છુ. હવે તુ મને સુખનો પંથ દરશાવ. અરે મારા દીનાનાથ, તુજ પ્રત્યે મારી એટલીજ અરજ છે કે તું મારા પ્રાણ પ્યારાને, સાહાય થા અને એને બચાવવાની છેલ્લી યુક્તીમાં ફતે કરાવજે.

અંદ્રાવળી—પ્રીય સખી હવે આપણે શું કરવું,
આશા નથી પ્યારા તણી ક્યાં જઇ કરવું—પ્રીય સખી.
પ્યારાને બબે વખત, લઇગયા સુળી પાસ,
ત્રીજું આળ આવિયું, હુ થઇ ગઇ નિરાશ—પ્રીય સખી.
બેબે વિઘ્નમાંથી બચ્ચો, પાછું આશું થયું,
એની જોડ કુકર્મ, કદી નથી કીધું.—પ્રીય સખી.
જયાં સુધી ચાલ્યું ત્યાં સુધી મેં મારે કિધું
બીજી યુક્તિ કાંઇ નથી, દુઃખ મનમાં લીધું—પ્રીય સખી.
ઓ દ્યઅર શું અબળા ઉપર, દુશ્મન થઇ બેઠો,
સાહેબાની પ્રભુ તું આ, શુકરવા બેઠો.—પ્રીય સખી.

ઓ ઇશ્વર આ નિર્દોષીને, શો મારેછે માર,
પ્યારાને બચાવવાને, કરનીતું વિચાર —પ્રીય સખી.

ચંદ્રાવળી—બાઇ સાહેબ સાવધ રહો સવધ રહો.

પદ્મકળા—અરે પ્રીય સખી તુ નીલ વસ્ત્ર પેહેર અને આ સળગતું છાણું પ્રાણ પ્યારા પાસ લઇજા અને પાણીની ઝારી એ સુળીની આસ પાસ પ્રદક્ષીણા કરી છાણુ સળગતુ મુકી ચાલી આવ.

ચંદ્રાવળી—વાહ બાઇ સાહેબ, ત્યારે હું જાઉછું.

(જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—સુળી.

અકબર, છેલ, પ્રધાન, ચંદ્રાવળી.

અકબર.—[છેલને]અય છેલ અબ તેરી ક્યાં મરજી હે

છેલ—અન્ન દાતા જેસા આપકા હુકમ.

અકબર—મેરા હુકમ એ હય કે તુ સચ્ચે સચ્ચી બાત કેહે દે કાયકુ નાહક જાન ગુમાને તૈયાર હુવાહે.

છેલ—ઓ અકબર શો અપરાધ, મેં કીધો મેં કીધો,

કહી કહી થાક્યો મેં તમને; ગુન્હો કીધો નહી ગુનો કીધો...ઓ.
મારા વિષે વિચાર તેં, બુરો લીધો બુરો લીધો—ઓ.
મા બાપને તુ બતાવની, મારગ સીધો મારગ સીધો...ઓ.
તારા મનમાં આ બાળકને, ગણે જુદો ગણે જુદો—ઓ.

એટલામાં દાસી ચંદ્રાવળી સળગતું છાણું લવેછે અને સુળી આગળ સળગતુંજ મુકીને સુળીની આસ પાસ પ્રદક્ષિણા ફરીને છાણુ ઓલવીને ચાલી જાય છે.

અકબર—(દાસીનો હાત ઝાલી.) અય ઓરત તુ કોન હે, ઓર કીનકી લડકી હે, ઓર એ આગ તુને કાયકું ઇદર લાકે રખી.

ચંદ્રાવળી—અય અધમ ચડાળ દુષ્ટ યવન, તુજે ઓરતકુ હાથ લગાનેકા હુકમ નહી હે, કબી મે અકબરકુ એ ફરીયાદ કરૂતો તેરા હાથ કાડેમેસે કટવાયગા. ચલ દુર રહે, દુરસે મુજે પુછ મેં તુજકુ સબ જવાબ દઉગી. મેરા બાપકા નામ પુછતાહે સો બે સમજ.

श्लोक.

एक चक्र न रथी सर्यो भमौ तिष्ठति सारथी ॥

आगास्ति तात निर्माणं तस्याहं कुल बे लोका॥

ભાવાર્થ—ચક્ર એક પણ સુર્ય રથ નહી, તેને હાકનાર જમીન પર બેસે છે, અને અગસ્તીનો બાપ (કુંભ, ઘડો)એને બનાવનાર જે કુભાર તેની છોકરી છું કબી સમજનેમે નહી આયા હેયતો એ દુસરા કહેતી હું સો સુણ.

મુજ પિતા બળવંતછે, ગુણ તેમાં આડે આંક.
મોટો ઉચવે તે બહુ ભાર, ક્રોધમાં ચડાવે ચાક.—મુજ.
એક ચકરનો રથ સહી, મેરૂપર ફરવે,
બે ઘોડા બળીઆ છે જાણ, તેની જોડે ન આવે.—મુજ.

[જાયછે.]

અકબર—અરે ખુદા એ ઓવરત અપના બાપકા નામ કેહેકે ગઇ મગર મુજે ઉસમે કુછ સમજ પડી નહી હે અબ એ છેલકુ પુછે બીગર અપના છુટકા નહી હે. [છેલને] અય છેલ મે તુજે તેરા ગુન્હા માફ કરતાહું, ઓર મુજે તુ સચ્ચે સચ્ચી બાત કેહેદે એ કીસ્કી લડકોથી. [સુળીપરથી ઉતરેછે.]

છેલ—નામદાર આપને બાત કહીશો ઠીકહે, મગર મેરા દીલ કેહા નહી કરતાહે.

અકબર—અય છેલ મુજે કુરાનકી કસમહે, દેખ મે તેરેકું ગુનહા બક્ષીસ કરતાહેં ઇતના નહી મગર તુજે મેરા પ્રધાન બનાઉગા.

છેલ—આપ કસમ ખાકે મેરી સંગ બાત કરતે હો, સો અબ મે તુમસે જુદાઇ નહીં રખુગા. દેખો સાબ એ ઓરતને આકે કહા કે એક ચંદ્ર હે મગર સુર્યકા રથ નહીહે, ઓર ઉસકા હાકનેવાળા જુ મીનપે બેઠતાહે, અગસ્તકે પીતા હે સો કુંભ [કુંભ=ઘડા] ઉસકા માયના એસા હે કે કુંભ બનાને વાળા કુંભાર ઉન્કી લડકી હું.

અકબર—વાહ વહ છેલ, શાબાશ હે તેરી બુદ્ધીકુ, તુ ચોર નહી હે મગર ચતુરહે, તેરી ઉમર પંદર સોળે બરસકી હોઇગી લેકીન તેરેમે સર્વ ગુન સંપન્ન હે, મે તેરેપર બોત ખુશ હુવાહું ઓર આજશે તેરેકું વજીરકા ઓહધા દેતા હે

અકબર—પ્રધાનજી.

પ્રધાનજી—જાં પના.

અકબર—અપને પોશાક શાળામેસે મંડીલ દોશાલા એહ છેલકું દો ઓર ડંકેશ પીટાઓકે, આજસે નગર શેઠકે છોટા લડકા છેલકું વજીરકા ઓધ્ધા દીઆ હે.

પ્રધાનજી—બોત ખુબ સાહેબ.

[વજીર જાયછે અને લાવી આપેછે. પછી]

અકબર—(પ્રધાનને) પ્રધાનજી તુમ આગે, જાકે કચેરી કા બંધો બસ્ત કરો હમ તુમેરી પાછે આતે હે.

પ્રધાનજી—બોહોત ખુબ સાહેબ, (જાયછે.)

અકબર—(છેલને) અય છેલ ચલો દરબારમે.

છેલ—ચલીએ ખુદાવિંદ (જાયછે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—દરબાર.

કાજી, કોટવાળ, અમીર, વગેરે બેઠાછે ત્યાં દ્વાર પાળ અકબર અને છેલ સાથ નેકી કરતો આવેછે. અને બેઠા પછી થોડી વારે.

અકબર પ્રધાનજી!

પ્રધાનજી—જાંપનાં!

અકબર—શેહેરમે ડંડેરા પીટાયાકેનહી.

પ્રધાનજી— ખુદાવિદ શેહેરમે કબસે જાહેર હોગયા.

દારપાળ—(સલામ કરી) ખુદાવિદ કંચની આઇહે.

અકબર—અછા આને દો.

(કંચની આવેછે અને પાછળથી વિદુષક આવેછે.)

વિદુષક—(છેલને જોઇને) ઓય, આ છેલ બાપુ અહીં આ ક્યાંથી આવ્યા, આવ્યા તો આવ્યા પણ વજીરની ગાદીએ ચઢી બેઠા. મને લાગેછે કે વજીરને ઝાકુ મલ્યું ખરૂં ઠીક થયું એ મારી સા મું બહુ ચેડી પેડી કરતો હતો તો જેવા સાથે તેવું.

કંચની.—(ગાયછે.) ફીરદો બારા એશકકા દીલમે અશર પેદા હુવા,
બાગમે તેરી મોહબતકા શજર પેદા હુવા—ફીરદો.
એશક જારી રાત દીન હુએ, ચસ્મ ગીરીઓશે મેરે,
ઇશ કદરો આકે આશકકો ગોર પેદા હુવા—ફીરદો.
દેખ કર ગુલશનમે કહતે બુલ બુલે ઉશે ચાહશે,
કેઆ ચમનમે દુશરા રશકે કચર પેદા હુવા—ફીરદો.
અબ મુજે તેરે બનુજ આતા નહીં આરમો ચેન,
ફીર તુજે કીઉકર જુદાઇશો શબર પેદા હુવા—ફીરદો.

જખમ આલે હોગએ છીલ છીલકે સારે બદમકે,
દરદ દીલ રમજાન અલી શામો શહર પેદા હુવા—ફીરદો.

અકબર—પ્રધાનજી ?

પ્રધાનજી—ખુદાવિંદ.

અકબર—એ કુંચનીકુ ખજાને મેસે દાસો મોહોર દો.

પ્રધાનજી—બોત ખુબ સાબ. (મોહોર આપેછે તે લઇ જાયછે)

વિદુસક—ઓય મારા બાપરે જે આવેછે તે અકબરને ધુતવા આવેછે અને મેહેનત કરી થાકેછે પણ તેને કાંઇ મળતું નથી જેવુ આપણુ નસીબ. કેહેવત છે કે.

ચીત ગઆ નેનમે, કવીત કોન સુને.
ઓ પોટીકુ ઇનામ દીઆ, એ વિદુષક બેઠા ચુમે.
અકબર હમેશા સલામત રહે, આ પોટીપે કરતાહે નજર.
મેરી મરજી એસીહય કે, રજા દેદે કજર.
પ્રધાનકુ રખના નહીં ચલતાહે બુરી ચાલ.
પ્રધાન તેરી કમબખતી આઇ, અબતો ખુબ સમાલ.
પ્રધાન કલતુ કીદર ગઆથા, જાનતાહુ તેરા સાર.
એક ઓરતકી હાતકી, ખાઇથી તુને ખુબ માર.
ખીસા ખરચી દે દે થોડી, નહી તો કરૂગા જાણ.
મેં તેરેકુ સચ કેહેતાહુ, મેરા કહા તું માન.

(દસ રૂપીયા આપેછે.)

આ વિદુષકનુ નસીબ ફુટયું , ઇનામ પ્રધાને દીઆ.
વજીરજીકું ધુતને બાસતે, એ તદબીર કીઆ.

(એકદમ ભાટ આવેછે.)

ભાટ—આઠો પોહોર અકબ્બરશાહા, નેક ન્યાયી ચલા રહા.
બડે બિદવાન ચરંચાકરકે, ઊખાન્યો હે.
કુરાનકે પારસીનો, બેદકો સાર લીન્હો.
બખળ સિધ્ધાંત કીનો, પારયું પીછાન્યોહે.
અકબરશાહ બદશાહાકે, બાદશાહ.
મુગલ સીરતાજ ગંગ જુગમે એક જાન્યો હે.
અટકમે કટક, ભેજ્યો કાબુલ કબજ કીનો.
ઉઝ બેગકુ ઉડાએ, થીરતામે થકયો હે.
બંગાળે બેઠી દુવાઇ, કશ્મિર કીની સવાઇ.
ગુજરાત લીની લડાઇ, તવારીખે લખ્યો હે.
અહમદકો નગર લીનો, ચાંદબીબી માગદીનો.
ખાનદેશ ખંડણીમે, મુગલ નામ નખ્યો હે.
કહે ગંગ અકબર શાહાનકે સાહ ખુદા.
આપને કોન દેશ બાકી, અબ રખ્યો હે.

(કહીને બેસીજાય છે.)

અકબર—અય છેલ અબ તુ એ બાત મુજે કહે કે દો એરતનેસુળી પાસ આકે પેસે ઓર અનાજ લુટાયે ઓર ઓ અપના ક્યા નામ શમશ્યામે કહે ગઇ ઓ મુજે જલદીશે કહે.

છેલ—નામદાર પેહેલે ઓરત આઇથીસો ઉનકા સબબ પેસા લુટાનેકા એ થાકે પેસેકી લાંચ દેકે છુટજા. ઓર શામસ્યામે એસા કહાકે. દો જીભહે મગર સાંપણુ નહી ઓર પાચ સાથી ઉન્કો, મગર દ્રોપદી નહી. એસી જો કલમ; ઉનકુ રખને વાલા બનીઆ ઉન્કીલડકીહું.

દુસરીને જો આકર આનાજ લુટાયા ઉનકા સબબ એ હે કે કુછ સચી જુઠી કરકે છુટનેકી તદબીર કર ઓર શામસ્યામે કહાકે મેરા બાપ બોત ઠગ હે મગર એ અમીરકુ, ભાણેજકુ ઓર સબકુ એક ઘડીમે ઠગતાહે એસાજો સોનાર ઉનકી લડકી હું.

અકબર—શાબાશ, શાબાશ, છેલ તેરે માત પીતાકુ, એ કીશુકુ એ આખીકુ સંભામે એ, દાનો તીનો શબ્દથાકા જુવાબ કીશુકુ માલુમ હોય એસા નઈથા મગર તુને મેંકુ તુરત કહે દીયા. ધન્ય ધન્ય. આજ શે મેને તુજકુ વજીરકી પદવી દીહિ. (પ્રધાનને) મંડીલ શેલા અપને નયે મંત્રીકુ ઇનામ દો.

પ્રધાનજી—બોત ખુબ સાહેબ. (લાવી આપેછે.)

વિદુસક—જે આવે તે ઇનામ અને સરપાવ લઇ જાયછે પણ મને કોઇ આપતુ નથી. ચલ ભાઇ ત્યારે ઘેર જઈએ મારી અળી ઘેર રાહા જોતી હશે. અને વાર લાગશે તો મને બે ચાર આડા અવળા કઠોર મનના શબ્દનો વરસાદ વરસાવશે અને તેમા ઘસડઇ જઇશુ- તો ફીનારે નીકળ વાનો થાક લાગશે નહી. માટે જીવડા વેહેલો ચાલ.

(જાયછે.)

અકબર—પ્રધાનજી?

પ્રધાનજી—ઝાહ પનાહ ફરમાઇએ.

અકબર—કચેરી બરખરાસ્ત કરો. (જાયછે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—નગર શેઠનુ ઘર.

નગરશેટ, છેલ, તારાઅવરી વગેરે.

નગરશેટ—(છોકરાઓને) પ્યારા પુત્રો છેલનુ શું થયું શેહેરમાં પાછો આવ્યો કે નહી,? મને બીલકુલ તેના વગર ચેહેન પડતુ નથી.

૧લો પુત્ર—પીતાજી, શેહેરમાંતો આવ્યાની બુમ સભલી પણ પછી શુ બીના બની તે મને ખબર નથી.

નગરશેટ—ભાઇ કોઇ જાઓ અને ખબર લાવો કે શુ થયુ.

૨જો પુત્ર—પીતાજી સબુર રાખો જે તકદીરમાં લખ્યું છે તે થશે કહેલુ છે કે-

पद भाग्य विधाना ललाट लीखीतं दैवस्य किं दूषणं. ॥

માટે પીતાજી લલાટમાં લખ્યુ હશે તે થસે, માટે બેફીકર રહો.

(એટલામાં વજીરનો પોશાક પેહેરેલો છેલને જોઇને.)

નગર શેઠ—ઓ મારા વાહાલા પુત્ર છેલ તારા વિના હું જેવો ગાંડો ઘેલો થઇ ગયોછું અને જેમ માછલુ પાણીમાંથી બાહાર નીકલેછે અને તરફડેછે તેમ તારા વિયોગથી આ ત્રણ દીવશ ત્રણ ભવની માફક કાડયાછે.

છેલ—પિતાજી સાંત પડો સાંત પડો, આટલા બધા તમે સીદને ગાભરા થઇ ગયા છો. ઇશ્વરે મને મારા અમિતી પાત્ર કામપર નિઘા કરીને અતિ સંકટનો મેઘ ગગડાવી પાડી અગાધ જળમાં રેલાતો મુકી દીધો હતો પણ આપણા વ્રધ્ધ વડીલોના દાન પુન્ય અને સત્ય કર્મ આડે આવ્યાથી દયાનો પ્રકાશ કરીને મને સુખરૂપી ફતેહના કિનારે નિષ્કલંક કરી ઉતારી મેલ્યો. ઉત્સાહ, ઉત્સાહ, ઉત્સાહ (મા તરફ ફરીને) વાહાલી જનની મને પ્રભુએ તમ વ્રધ્ધ માત પિતાને સાંતી પમાંડવા અને ચીનતાથી ચલીત થતા મનને સ્થીર રાખવા મને જીવતદાન મલ્યું છે. (પગે લાગે છે.)

તારાગવરી—દીર્ઘ માયુરસ્તુ મારતંડ રૂષીનું આયુષ હોજો.

છેલ—(હાથ જોડીને) પિતાજી મારા મીત્રને ઘેર મળવા જવા ઇચ્છા રાખુછું

નગર શેઠ—પ્યારા પુત્ર જાઓ જઇને વેલા આવજો. (જાયછે.)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—પદ્મકળાનુ ઘર.

(છેલ, પદ્મકળા, ચન્દ્રાવળી વગેરે)

પદ્મકળા—હાસી, આપણે ચરીત્ર કરીને પ્રાણ્યારાને કેવા બચાવ્યા.

ચંદ્રાવળી—(હાથ જોડી) બાઇ સાહેબ આપણી સ્ત્રી જાતના ચરીત્ર આગળ સઘલું હેઠ છે. સ્ત્રી ચરીત્રમાં કોઇ જીત્યું નથી અને જીતવાનુ નથી.

(એટલામાં છેલ આવેછે તેને જઇ તેડી લાવી બેસાડેછે.)

પદ્મકળા—પ્રાણ પ્યારા મારે લીધે આટલું બધું દુઃખ તમને સહન કરવું પડ્યું.

છેલ—

કામીના એ શું વદો છો કરોની વીચાર,
નસીબમાં હતું જે તે થઇ ગયું તે વાર.
શોકાતુરના થાશો તમે કહું છું સાચી વાત,
ખુનીનું વિઘ્ન કાટે ગયું માથેથી ગઇ ઘાત.
બચાવ્યો વિઘ્નમાંથી તમે કીધો ઘણો ઉપકાર,
ઇલાજ કીધા અતિ ઘણા મેહેર કીધી અપાર.

પદ્મકળા—

આપના ઉપર મેં તે શું કીધો ઉપકાર,
ઇશ્વરે લજ્જા રાખીને બચાવી લીધા વાર.
ઉપકાર કીધો તમણે, મેં કાંઇ નથી કીધું,
વિઘ્નમાંથી ઉગારવા તમને જીવતદાન દીધું.

છેલ—કામીના, તમે જે કહોછો તે ખરછે. પણ હું મરી સ ત્યાંસુધી તમારો પાડ ભુલનારું નથી કારણ કે મને સહી સલામત સુરીના વિઘ્નમાંથી બચાવ્યોછે; અને વળી આ વજીરપણુ પણ તમેજ અપાવ્યુ.

પદ્મકળા—પ્યારા, એ શબ્દ કાઢવા આપને ઘટતું નથી, કારણ કે કહેલુ છે કે.

શ્લોક.

मूर्खशिष्योपदेशेन दुष्ट स्त्री भरणेनच ॥
दुःखीतैः संप्रयोगेन पंडीतोप्य वसीदती ॥

ભાવાર્થ—મુર્ખ શિષ્યને ઉપદેશ કરવાથી અને દુષ્ટ સ્ત્રીનું પોષણ કરવાથી તેમજ દુઃખી જનોની સાથે અતિ સહવાસ કરવાથી વિદ્વાન પણ દુઃખ પામેછે

તેમ હું એક દુષ્ટ સ્ત્રીને લીધે આપને આટલું બધું કષ્ટ વેઠવુ પડ્યું. ત્યાં હું જે કામાંધ થઇ હતી તે પણ તમે મારા માત પિતાના કુલને લાંછન લગાડયું નહી. માટે આપના ચરણ કમલમાં શીર નામી અરજ કરૂંછું કે આપ એવું ભાષણ ન કરતા, દાશીનો ગુન્હો માફ કરશો.

છેલ—(ઉભા થઇને) કામીના, બસ હવે મને રજાછે ?

પદ્મકળા—પ્રિય, આપ જાઓછો તે ખરૂ છે, પણ આપ ફરી અત્રે ક્યારે પધારવાની તસ્દી કરશો.

છેલ—પ્રેમદા, હું બેચ્ચીત કાલે આવીશ.

પદ્મકળા—પ્યારા, ત્યારે સુખે પધારો

[જાયછે એટલે ઘરમાંથી દાસી આવી.]

દાસી—બાઇ સાહેબ, ઘરમાં ભોજન વેળા થઇ છે.

પદ્મકલા—(ચંદ્રાવળીને) મીય સખી, ચાલો ત્યારે.

ચંદ્રાવળી—હા, બાઇ શાહેબ.

(જાયછે.)

અંક ૩ જો.

સ્થળ—તુર્કસ્તાન શેહેર.

અભેચંદ, નાગ કંન્યા.

(અભેચંદ દરિઆઇ મુસાફરી મારફતે વેપાર કરી રસ્તે પાછા ફરતાં વમળમાં વાહાણ ઘસડાઈ જવાથી તે વાહાણ તુર્કસ્તાન પાહાડ આગલ જઈ થોભ્યું ત્યાંથી ઉંચે નજર કરતાં એક રમણીય પાહાડ જોયો તે ઉપર અભેચંદ ગયો. અને એક વાવ માલમ પડી તે જોઇ.)

અભેચંદ—

શી શોભીતછે આવાવ કેવી, કે જાણે ઇંદ્રપુર જેવી,
ઘણી જાતનાંછે વૃક્ષ તેમાં, કે ફુલ સુગંધી વહેજેમાં—શીસોભીત.
પક્ષી કરે મધુર ગાયન, સાંભલતા થાઉછુરે મગન,
તરેહ તરેહના ફળ લટકે, કે મંન મારૂ ખાવા ભટકે—શીસોભીત
જાઇ જુઇ બાએશરીના છોડ. તે જોઇ પોંચેછ મનનાકોડ,
પાર જાતી કમળના ફુલ, ચંપા મોગરા ડાહાડમ અમુલ—શીસોભીત.
કરણ કેવડો બકુલ જાણ, બાર માંશી શોભે નિરવાણ,
ગુલબગલી ગુલાબજ બહુ, અવર પુષ્પનો હું પાર નલહું—શીસોભીત.

આ હાહા, આ વાવ કેવી રમણીઆ છે, મને લાગે છે,કે આના કરતાં પણ આગલ વધારે રમણીય જગો હશે ! ચાલ આગલ જોવુ તો ખરો.!

(આગલ જાયછે એટલે નાગ કન્યા.)

નાગકન્યા—

ક્યાંથી તમો અવિઆઆવ્યો તમારો કાલ,
મરણ આવીયુ ઢુકડું, ચેતીતજો આઠાર—ક્યાંથી
બત્રીસ લક્ષણો તું દેખાય, ઘણી સુઘડ તુજ જાત,
દઆા આવી તુજ ઉપરે તેથી કહું સત્ય વાત—ક્યાંથી
પિતા મારો અહીં આવસે, વિખધર તેનું નામ,
ફુકે ફાટે ડુંગરા, તને ખાશે આ ઠામ—ક્યાંથી
માટે જાવો તમે અહીં થકી, લઇ તમારો સાથ,
ઉગરસો તમે નહીં જરા, જો આવસે તેને હાથ—ક્યાંથી
કાંહાંથી આવ્યા કાંહાં જસો કોણ લાવ્યું અહીં જાણ,
માનવી આવી નહીં શકે, આવે તે ખુએ પ્રાણ—ક્યાંથી
બત્રીસ લક્ષણા છો તમે, વળી ગુણ તણો ભંડાર,
સજ્જનને જો ઇચ્છો તમો, તો ચેતજો આ ઠાર—ક્યાંથી

અભેચંદ—

દીલ્લી શેહેરમાં રહુંછુ, અભેચંદ મારૂં નામ,
સુંદર રમણીય જોઇને, આવ્યો છું આઠામ—દિલ્લી.
સોદાગરીનો ધંધો છે, દેશોદેશ, ફરૂં છ,
માણેક મોતી ખરીદી, ગામે ગામ વેચુ છ—દિલ્લી.
માલ વેચી આવતાં, દીઠો અત્રે આ પાહાડ.
સુદર રમણીય દીઠોમે, લીલા દીઠા આ ઝાડ—દલ્લી.
શેહેર વસ્યુંછે હઇઆં. ખબર પડી હમને,
આવી લાગ્યા હમે ઉપરે, તો દીઠા તમને—દિલ્લી.
પિતા તમારો ક્યાં ગયો, તે ક્યારે આવસે,
ફીકર નહી રાખવી તમે, તેમુજને મારસે—દિલ્લી.

માર ઉગારનાર તું, અહીં કોઇ વારસ નથી,
મરવું છે તારે હાથે, કોઇ બેલી મારો નથી—દિલ્લી

નાગ કન્યા—

તેં કહ્યું તે ઠીકછે, પણ હું મારા બાપની મરજાદ મુકતી નથી માટે તું અહીંઆંથી ચાલ્યોજા.

(એમ કહી અંદર ચાલી જાયછે એટલે.)

અભેચંદ—(મુર્છા ખાઇ) પ્યારી, અરે પ્યારી, આ હૃદયમાં મોહો રૂપિ કટાક્ષ બાણ મારી ક્યાં ગઇ.? અરે તને મારી જરા પણ દયા નહીં આવી, ઓ મારી વહાલી કમળાક્ષી તું ઉપર આવી મારી સાથે કંઇક થોડી વાત કર, અને આ અધીરા જીવને સંતોસ પમાંડ અરે જગતાધાર વિશ્વંભર સચરાચર, તારી લીલા અપરમપાર છે. મને મોહો રૂપી સ્વપનની નીદ્રામાં લીન કર્યો અને પાછો તેમાથી જાગ્રત કરી ફીકર રૂપી જાળનાં ફાસામાં નાંખી દીધો. અફસોસ, અફસોસ, પણ અરે જગત નિયંતા, ન્યાયના ચલાવનાર જ્યાં સુધી મારી મન કામના પરિપુર્ણ થશે નહીં ત્યાં સુધી મને અન્ન પાણી હરામ છે. (એમ કહી જાયછે અને વાહાણમાં બેસી પોતાને દીલ્લી શેહેર આવેછે.)

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—પદ્મકળાનું ઘર.

છેલ, પદ્મકલા, ચંદ્રાવળી નાખુદા.

ચંદ્રાવળી—બાઇ સાહેબ આપણા પ્રાણનાથને ગઆને ઘણા દીવશ વીતી ગઆ તો પણ તેમનો સુભ પત્ર હજી સુધી આવ્યો નથી

શું એમને આપણી તરફનો વિચાર દીલમાં કાંઈ નહીં આવતો હોય?

પદ્મકલા—પ્રીય સખી એમના દીલમાં વિચાર આવતો તો હસે પણ કાંઇ કામમાં રોકાયાથી સુભ પત્ર લખાયે નહીં હસે, પરંતુ મારા દીલમાં એમના વિષે ઘણોજ ઉદ્વેગ થઆ કરેછે. અને કામ દેવ દુસ્મન થઇ મારી મનોહર કાયાને વિત્ત રહીત ખાખ કરી નાખેછે માટે હે સખી.

સ્વામી વગર શું કરીએ સુનોરે દાસી સ્વામી વગર શું કરએ.
ચેન પડે નહીં ક્ષણભર મુંને,
અન્ન પાણી સર્વ તજીએ—સુનોરે દાસી.
થોડા દીવસમાં આવેતો ઠીકછે,
નહીં તો કટાર ખાઇ મરીએ—સુનોરે દાસી.
જેમ તેમ કરીને દાહાડા ગુજાર્યા,
એકલા હવે ન રેહેવાયે—સુનોરે દાસી.
ઇશ્વર તુ મને જલદી મેળવની,
વધુ હવે શું આદરીએ—સુનોરે દાસી.

ચંદ્રાવળી - બાઇ સાહેબ શોકાતુર થવાથી કાંઈ જલદી આવનાર નથી.

(એટલામાં એનો સ્વામી અભેચંદ પ્યારી પ્યારી કહેતો મુર્છા ખાઈ પડેછે ને પાછલથી છેલ આવેછે.)

પદ્મકળા—(રૂદન કરીને)

પ્રાણનાથ તમને આશુ થયું, મારા પ્રાણ આધારજી.
એકાએક વિપતડી આવી પડી, નહી મારોની મારજી.
પ્રાણનાથ મુખથી બોલોની.
કોણરે મોહો બાણ મારીયું. તમને મળો કોણ નારજી

કેટલે દાહાડે ઘેરે આવીયા, નવ મુકી દોની પ્યારજી.
માણનાથ મુખથી બોલોની.

છેલ—સાંભલ પદ્મકલા કામીના, કોઇ મલી ચતુર સુજાણજી.
તેનેરે જોઇ મોહો પામીઆ, તેમા રહી ગયોછે માણજી.
ગભરાઓ નહી તમે કામિના.
ચીંનતા ફીકર કરવી નહી, કરીસ હું એને હુશીઆરજી.
હિંમત રાખોની સુંદર, આ વેલા આઠારજી.
ગભરાઓ નહી તમે કામીના.

પદ્મકળા—ગમે તેમ કરી દુઃખ ભાગોજી, મારા સર્વજ્ઞ ભરથારજી.
પશુ વ્રત કાચા થઇ ગઇ, દુઃખ થાયછે અપારજી.
માણનાથ મુખથી બોલોની.
નહીતર હું હત્યા આપુ, કહી દોની આવારજી.
દુઃખ મુજથી ખમાતુ નથી, શો ગારોછો મારજી.
માણનાથ મુખથી બોલોની.
અન્ન પાણી સર્વે તજ્યુ તમે, જીવે સું કીધો અપરાધજી.
કોઇ દીન આવને મલશો, મારો ગુન્હો કરો માફજી.
માણનાથ મુખથી બોલોની.

છેલ—પ્રેમદા તમારે અમણા કલ્પાંત કરવું ન જોઇએ પણ શાંત થઇ મનમાં ધીરજ રાખી ઇશ્વરને યાદ કરો.

(એવામાં નાખુદા આવેછે.)

નાખુદા—(છેલને) સલામ સાબ.
છેલ— આ. આ બેઠો ઇદર.

(બેઠા પછી થોડી વારે)

નાખુદા—ક્યું સેઠકી ક્યા ખબર હે.!

છેલ.—અબીતો અચ્છાહે, મગર ઇનકુ કયા દઃદ હુવાહે ઓર કીસતને એ હુવાહે ઓ કુછ માલુમ નહીહે. લેકીન જીસ બખ્ત ઘરમે આયે ઉસી બખ્ત, પ્યારી, પ્યારી, જોરસે પુકારકે જુમીનપે પડે.

નાખુદા—નામદાર, હમને તુર્કસ્તાનસે એ શેઠકુ બીઠાકે બાહા નકુ હંકારા, થોડેક દુર ચલા ઉતનેમે પવનકે તોફાનમે બાહાન ઘસ ડા ગયા, સો એક પાહાડથા ઉવાં જાકે અટકા. થોડી દેર પીછે શેઠ બાહાનમેસે ઉતરેકે ઓ પાહાડપે ફીરનેકુ ગએ. ફીરકે પીછે આયે ઉ સ બખ્તસે પ્યારી, પ્યારી, મુસે બકતેહે.

છેલ.—નાખુદા, ઓ પાહડપે અબીકુ અબી લે ચલો.

નાખુદા—અછા, ચલો સાબ.

છેલ—તુમ જાકે બાહાનકા સામાન તૈયાર કરો. મેં તુમારી પીછે અબી આતાહું.

(નાખુદા જાય છે.)

પદ્મકળા—(છિલને) પ્યારા, આપ કયાં જવાનો વિચાર કરોછો?

છેલ—કામીના, જે પાહાડપરથી મારા આ પ્રિય બંધુને મોહ પી કટાક્ષ બાણ નાખુદાના કહેવાપરથી વાગ્યું છે, તેની તપાસ કરવા હું તે પહાડ ઉપર જાઉછું.

પદ્મકળા—આપ જાઓછો તો સુખે કાર્ય સીદ્ધ કરી આવો. અને ઇશ્વર પાસે માંગી લઉછુંકે આપનુ કાર્ય સદા સીદ્ધ થજો.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—નગરશેઠનું ઘર.

(હેમચંદ છેલ વગેરે.)

હેમચંદ—(પુત્રને)પ્યારા પુત્ર, છેલ બજારમાંથી હજુ સુધી કેમ નથી આવ્યો.

પુત્ર—(હાથ જોડી] પિતાજી હમણા આવતો હશે.

(એવામાં આવે છે.)

હેમચંદ—બેટા, કેમ આટલી બધી વાર લાગી.

છેલ—પિતાજી, બજારમાં જતાં હમને ખબર મલીકે અમારા મીત્ર અભેચંદ સફરેથી ઘેર આવ્યા છે તેથી હું તેમને ઘેર મલવ ગયો હતો.

હેમચંદ—બેટા, તે ઘણે દીવસે આવ્યો, વારૂ શરીરે સુખ રૂપતો છે?

છેલ—પિતાજી, એતો આપ પુછશોજ નહી.

હેમચંદ—કેમ વારૂ? એટલું બધું શું છે?

છેલ—પિતાજી, એવુ બન્યુ કે તુર્કસ્તાનથી સ્વદેશ પાછા ફરતા તેમનુ વાહાણ એક પહાડને કિનારે ઘસડાઇ ગયું હતું. ત્યાંથી તે પા હાડપર ફરવાને ગયા અને તે જગ્યાએથી દીવાના થઇ જઇ કંઇ પ્યારી પ્યારી, કહયા કરે છે.

હેમચંદ—બેટા, તેને વાસ્તે કાંઈ ઇલાજ કરવો જોઇએ.

છેલ—પિતાજી, ઇલાજ માત્ર ત્યાં જઇ તપાસ કરવી એ છે. બી જો કાંઈ નથી.

હેમચંદ—બેટા તુ જાય છે તે વાતની હું મના કરતો નથી પણ જેમ બને તેમ તાકીદથી પાછો વેહેલો વળજે.

છેલ—બહુ સારૂ પિતાજી.

અંક પાંચમો

પ્રવેશ ૧ લો

સ્થળ—નાગ કન્યાની વાવ.

છેલ. નાગ કન્યા.

નાગ કન્યા—(છેલને જોઇ)

અરે માનવી તું ભુલો પડીયો, આ માર્ગે કેમ આવી તું ચડીયો.
બત્રીસ લક્ષણો છે તારી કાયે, જોતાં વિઘ્ન તને છે આંહે.
મુજ પિતા રહે જળ માંહે, આવસે તો તજશે તુજ કાએ.
માટે આવીયો તેમ જા સહી, આગળથી ચેતાવું છું અહીં.
શાને ખુવે છે તું તારો પ્રાણ, ચેત નર તું ચતુર સુજાણ.

છેલ—

સાંભળ બાઈ તુજ સાથે, મારે છે એક કામ
પરમારથને કારણે, આવ્યો છુ હું આ ઠામ—સાંભળ
સોદાગર મીત્ર માહેરો, આવ્યો હતો આ ઠામ.
સ્વરૂપ જોયું તાહેર, વાગ્યું છે મોહનુ બાણ—સાંભળ
તુજ કારણ મરશે સહી, કરશે દેહની ઘાત
તે માટે આવવું પડયું, તુ માની લેજે વાત—સાંભળ.

નાગ કન્યા

આ પંથી સાંભળ મારી વાત, બત્રીસ લક્ષણી તારી જાત

તારે મારે સંબંધ ન થાય, જો તુ કરે કોટી ઉપાય.—એ પંથી
પરમારથને કારણે, આવીઓ તીરે બારણે
તારી હત્યા મારે શોર થાએ, માટે છુપાવી રાખુ તુજ કાય.
વિખધર મુજ પિતાનુ નામ, રહેવાનુ છે તેનુ આ ઠામ
સાંજે તે નીકળે છે બાહાર, માણી મુકે મટીમોઝાર-એપંથી
મણી લેજો તમો કરમોઝાર, અંધકાર થાશે તે ઠાર,
ઘણો ક્રોધ કરશે તત્કાળ, ઘણી નાંખશે વિખની ઝાળ-એપંથી
ભોંયરામા રહેજોની જાણ, નહીંતર જાશે તારો પ્રાણ,
મણી મુકે તે લેજો તમો, નહીંતર માર્યા જશો તમો-એપંથી

(પછી નાગ કન્યા એ છેલને ભોંયરામાં સંતાડી દીધો અને થોડી વારે વિખધર નાગ બહાર નીકળ્યો અને માણી મુકી ચરવા ગયો એટલે છેલે તરત માણી લઇ લીધી પછી થોડી વારે તરફડીઆ ખાઇને મરી ગયો એટલે)

નાગ કન્યા—અરે માનવ મારો વિખધર પિતા તરફડીઆ ખાઈ મરણ પામ્યો છે અને તમે બેફીકર થઇ ઊપર આવો.

(ઉપર આવે છે.)

છેલ -(મનમાં વિખધર નાગ મરણ પામેલો જોઈ) અરે ઇશ્વર મારા પ્રિય બંધુના. સ્વાર્થ વખતે આ વિખધર,બુરા કેશવાળા નાગનુ મૃત્યુ થયું જેને એક ફુંકમાં બાળી મારી નાંખે એવા નાગના શ્રાપ લાગ્યા વિના કેમ રહે! માટે હે જીવ હવે એને અગ્નિ દાહ દઇએ કે જેથી ઇસ્વર રાજી થાય અને આ પરોપકારના કામમાં વિઘ્ન દુર થઇ ફતેહ મળે. (અગ્નિ દાહ દેવા જાય છે. દઈ આવ્યા પછી નાગકન્યાને) હે નાગ કન્યા હું તમારા પિતાને અગ્નિ દાહ કરી આવ્યો અને હવે તમે મારી સાથે વાહાણે મુકામે ચાલો અને તમે કાઇ વાત

ની ફીકર રાખશો નહી. અને જાણજો કે તમે મારી ધર્મની બેહેન છો

નાગકન્યા—ચાલ ભાઇ ત્યારે હું આવવાને તૈયાર છું.

(જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ

દરિઆ કિનારે.

છેલ નાખુદા વગેરે.

નાખુદા—(નાગ કન્યાને ઓચીતી જોઇને) એ ઓરત કોનહે ઓર તુમ ઉનકુ કાહાંસે લાયે

છેલ—એ ઓરત કેલીયે અપના અમેથક દીવાના હોકે પ્યારી, પ્યારી કરતાહેસો ઇનકુ દેખકે અછાહોજાયગા. મુજે દીલમે એસા બિચાર આતાહેકે એઇ ઓરાકા મો દેખકે ઓર ઉનકા કટાક્ષ બાણસે દીવાના હો ગયેહે.

નાખુદા—ઓ, પ્યારી પ્યારી કરતે પે સો એઇ ઓરત હોઇગી

છેલ—હાં, એઇ, અબ તુમ જલદીસે બાહાનકુ હંકારો.

નાખુદા—બોત અછા સાબ.

(વાહાણ હંકારે છે અને રાતના અધ્યા રાત્રીએ
વાહાણના સડપર લાબી પક્ષી પોતાના ધણીને
કહે છે.)

આ મૃત્યુ લોકનો માનવી, કન્યા લઇ જાયે આજ
પણ અવળી ગંગા વહે છે, નથી સરવાનુ કાજ—આ મૃત્યુ લોક
આ સતવાદીના પુન્યે કરી, સોદાગર જાશે તાર

પણ નથી ટકવાની આ કન્યા,ઘાત થાસે આવાર—આ મૃત્યુલોક
તુટી પડશે આ મોટો પાહાડ, દબાઇ મરશે શાહી
હાડકાનો ચુરો થાશે એમનો, નારી બોગવશે નહી—આ મૃત્યુલોક
કદાપી અહીંથી ઉગરસે, વમળમાં જાસે વાહાણ
ઘાતથાશે બીજે દીન, નક્કી કાલે મધ્યાન—આ મૃત્યુ લોકનો
તે ઘાતથી બચશેતો કાઠી ભાંગશે જાણ
એ ઘાત થાશે મધ્ય રાત્ર જાશે એના પ્રાણ—આ મૃત્યુ લોકનો
કદાપી ઘાત ગઇ તે ઠામ, દરવાજો પડશે સહી
ગામમાં પેસતાં પડશે, દબાઇ મરસે તહી—આ મૃત્યુ લોકનો
ક્યાં કોઇ જાગતુ હોસે, જે કેહેશે માંડીવાત
પથ્થર થઇને પડશે, કહ્યું તેને વિખ્યાત—આ મૃત્યુ લોકનો

નર— માનવ જાત કેમ થાએ, કહેની મુને આ ઠામ
સાંભળવાની ઇચ્છા થઇછે, મારેછે એકકામ—માનવ જાત

નારી—ચતુર પુરૂષનું છાંટે લોહી, નાગકન્યા આડકાડે કર
તે પુરૂષ સજીવંન થાએ, પથ્થર ફીટી નર—ચતુર પુરૂષ

(આ કહીને બોલી અને તેનો નર ઉડી જાય છે અને થોડી વાર પછી પાહાડ પડી જાયછે. અને વાહાણમાં પાણી ભરાયછે પણ બચી જાયછે અને મધ્ય રાત્રીના સમયે છેલ નાખુદાને)

છેલ—નાખુદા, એ સઠકી કાઠી ઉતાર ડાલો

નાખુદા—બોત અછા સાબ.

છેલ—અબ કિનારા કીતના દુર રહ્યા

નાખુદા—એ સામને કિનારા દીખતાહૈ

(કિનારે આવી ઉતરેછ)

અંક ૬ઠો.

પ્રવેશ ૧ લો.

સ્થળ

શોલ્લી શેહેર.

છેલ નાખુદા.

છેલ— અગ નાખુદા અબ તુમ જલદીસે શેહેરમે જાઓ ઓર શેહેરમે જાતે પેહેલાં બડા દરવાજા હેસો ઉનકું તોડવાય ડાલો ઓર ઉસી જગાપે ફુલકા દરવાજા રખકે ચલે આઓ.

નાખુદા—બોત અછા સાબ.

{જાય છે અને તે દરવાજો તોડી નાંખી ફુલનો બનાવેલો દરવાજો મુકી આવે છે.}

નાખુદા—(સલામકરી) સાબ આપને હુકમ મુજબ કામબનાકે તૈયાર રખકે આયાહું

છેલ—બોત અછા જબતો ચલો.

{નાગ કન્યા અને છેલ જાય છે અને ફુલનો દરવાજો તુટી પડે છે. અને પછી અ ભેચદને ઘેર આવે છે.}

પ્રવેશ ૨ જો.

સ્થળ

અભેચંદનુ ઘર.

છેલ અભેચંદ પદમકળા નાગકન્યા ચદ્રાવળી.

{અભેચદ સુતોછે અને પદમકળા અને દાસી તેની જોડ બેઠાછે અને વાત કરેછે}

પદમકળા—અરે દાસી હજુ સુધી પ્યારા છેલ કેમ નહી આવ્યા અને આ દુખમાં પડેલા પ્રાણપતિનુ દુઃખ કેવારે ટળશે? અરે જગત નિયંતા ન્યાયના ચલાવનાર આ રંક નિરાધાર અબળાને અતિ દુઃખના દરીયાગાં ન બુરાડ પણ હાથ આપી સુખને મારગ દરશાવ અને આ દુખીઆરીની કકલી રહેલી આંતરડીને ન કકલાવ પણ શાંતી આપી સુખ દરશાવ.

ચંદ્રાવળી—બાઇ સાહેબ આટલા બધા ગાભરા કેમ થાઓછો ધીરજ પકડો, શબુરીનુ ફળ ઇશ્વર આપશેજ તમો એક ભડકેલા ઘોડાના સ્વરની માફક હિંમત ન પકડતા, બચવાનો મારગ ન સોધતા લગામ, મુકીદઇ, દુઃખ રૂપી જંગલની અગ્નિમાં ખોટા મનના તુરંગ ઉપાકર સંકોરોછો માટે તેમ ન કરો અને ઇશ્વરને ભજો કે દયાળુ જગદીશ્વરી તમને સંકટને સમયે સાહાય કરે.

(એટલામાં છેલ અને નાગ કન્યા આવે છે)

તેને જોઇ હર્ષના આંસુ લાવી કહેછે.)

પદમકળા—અરે મારા પ્યારા છેલ મે તમને હમણાંજ સાંભર્યા હતા. ખુશીતોછો (નાગકન્યા તરફ આંગળી કરી) આ બાઇ કોણ છે?

છેલ—જેને માટે મારો મીત્ર બંધુ ગાંડો થઇ ગયલો છે તે આ સ્રી.

પદમકળા—(નાગકન્યાને) મીત્ર સહેલી આવો બેસો. (બેસે છે.)

છેલ—(અભેચંદને) પ્યારા બંધુ કેમછો. હુ આપની મનવાંછીત નારીને સોધી અહી લાવ્યોછું

અભેચંદ—(ઝબકી ઉઠીને) કોણ મીત્ર મિત્ર છેલ! પ્યારી પ્યારી મારી પ્યારી ક્યાં છો!

છેલ—શાંત પડો, આ રહી (નાગકન્યાને બતાવે છે) ઉઠો, અને મુખાવ [illegible] કરાઇ [illegible] [illegible] [illegible] [illegible] આને દીપત કરી શાંતી પમાડો

અભેચંદ— નાગકન્યાને ભેટીપડી) અરે મારી પ્રાણ પ્યારી, આ તારૂં સુર્યના બિંબની માફક ગુલે ગારતું મુખ, આ તારા મૃગાક્ષી નેત્ર, અને આ તારા અતિ રમણીય હાથ પગપર આવેલા હીરાકણી જેવા નખ, તથા તારા આખા ચંદ્રવદન શરીરની કાંતી જોઇ, હું ઘણો જ ખુશ થાઉંછું. અરે સર્વ શક્તિમાન સર્વ વ્યાપક, સચરાચર, આ તારા દીનકિંકરને, મોહરૂપી કટાક્ષના બાણના માર મરાવી વિયોગ પડાવનાર, અને મારા પ્રિયબંધુ છેલને મારા દુખમાં ભાગીદાર કરી, અત્યંત છેટે આવેલા પાહાડપરથી આ અપ્સરા સુંદરીને લાવી મેળાપ કરાવી આપનાર, અને મારા શરીરના સઘળા ભાગના રૂદન થાતી રેષાને ઓલવી શાંતી આપનાર તુંજ છે; હે ઇશ્વર ! તારી લીલા અપાર છે. (છેલતરફ ફરીને) ઓ મારા પ્રાણાધિક પ્યારા હું આ તારા કીધેલા ઉપકાર કદી ન વીસરીશ વાળીશ.

છેલ—આ તમે કેવું અઘટીત વચન વદોછો? શાસ્ત્રમાં કહેલું છે કે

श्लोक.

आतुरे व्यसने व्याप्ते दुर्भिक्षे शत्रुसंकटे ॥
राजद्वारे स्मशाने वयाऽतिष्ठोत सबांधव ॥

ભાવાર્થ—રોગને સમયે, દુઃખને સમયે, દુકાળને સમયે શત્રુ સાથે લડવાને સમયે, રાજ્ય દરબારમાં અને સ્મશાનમાં જે આપણને તજે નહી તેજ ખરો બંધવ, માટે મેં બંધુની ફરજ તમારી તરફ બજાવી તેમાં કાંઈ નવાઈ નથી કરી.

અભેચંદ—મીત્ર, એ બધું કહ્યું તે ઠીક છે, પણ આ સુંદરીને કેવી રીતે અહીંઆ તમો લાવ્યા, એ મને કહેશો નહી ત્યાં સુધી મને સંપુર્ણ શાંતી થશે નહી. તેથી મને કૃપાકરી કહાવો.

છેલ—ભાઇ તમે મને એ વિશે પુછતાંજ નહી એ કહેવામાં કાંઇ ફાયદો નીપજે એમ નથી.

અભેચંદ—તમે અધ્યાપી સુધી મારી સાથે દીલ એક રાખી, ત મારી દરેક વાત મને કહેવાને આચકો ખાધો નથી, અને હવે તમે આ વાત કેમ જાહેર કરતા નથી?

છેલ—(મનમાં) હવે જો હું એને કહેતો નથીતો, એમના મનમાં કોઇ પણ રીતનો અદેશો રહેશે, અને જો એ દુર કરવાને કહીશતો મોટા ભારા વીટંબનામાં હુ આવી પડીશ. પણ ખેર જે થવાનું હશે તે થશે. (અભેચંદને) મીત્ર સાંભળ, જે પહાડપરથી તમે મોહીત થઇ આવ્યા, તે જગ્યાપર ગયો, ત્યાંઆગળ એક જંગી વાવમાં એક હિંચકા ઉપર આ બાઈ ઝુલા ખાતી હતી, એ બાઇએ પેહેલા મારા ઉપરતો ઘણો ગુસ્સો કીધો, પણ તે ન ગણકારતાં નમી પડી આગ્રહ કીધો. પછી એ બાઇએ કહ્યુંકે, તમો આ ભોંયરામાં સંતાઇ જાઓ અને જ્યારે મારો વિખધર પોતાનો મણી મુકી ચરવા જાએ, ત્યારે તે મણી તમે લઇ લેજો એ પ્રમાણે કહ્યું. પછી હું તે ભોંયરામાં સંતાયો અને થોડી વારે વિખધર નાગ આવ્યો અને મણી મુકી ચરવા ગયો, એટલે મે તે મણી લઇ લીધુ. થોડી વારે તે તરફડીઆં ખાઇ મરી ગયો. પછી હુ તેને આગ્નદાહ દેવા કિનારે લઇ ગયો. દઇઆવ્યા પછી નાગકન્યા તથા હું બેઉ વાહાણમાં બેસી અત્રે આવવા નીકળ્યા. મધ્યરાત્રીએ વાહાણની સઢની કાઠી ઉપર લાલો નામનું પક્ષી બોલ્યુંકે, આ આદમીઓને ચાર જાતની ઘાત છે. પેહેલી પાહાડનું તુટવું અને તેમાં છુંદઇ મરવું; બીજી વાહાણનું ગરક થઇ જવું; ત્રીજી મધ્યગતે વાહાણમાના સઢની કાઠીનું તુટી પડવું અને તેમાં દબાઇ મરવું; ચોથી શેહેરના દરવાજાનું તુટી પડવું અને તેની નીચે ચગદાઇ મરવું; આ ચારે ઘાતમાંથી બચી આવ્યા.

અભેચંદ—બંધુ તમે એ ચારે આફતમાંથી શી રીતે બચ્યા!

છેલ—પેહલી ઘાત જે પહાડ તુટવાની હતી તે પાહાડ મુકી દઈ બજે રસ્તે ગયા. બીજી વાહાણ વમળમાં જવાનું હતુ તે વાહાણ હમોએ બદલા નાંખ્યું. ત્રીજી મધરાત્રીએ જે કાઠી તુટવાની હતી તે ઉતરાવી નંખાવી. ચોથી શેહેરનો જે દરવાજો તુટવાનો હતો તે દરવાજો તોડાવી નંખાવી ફુલનો દરવાજો બંધાવ્યો હતો, ત આવતાં હમારાપર તુટી પડયો હતો.

છેલ એકદમ લાલીના કહયાં મુજબ

પથ્થર થઇ પડે છે. એટલે અભેચંદ.

અભેચંદ—અરે પ્રાણ પ્રીયબંધુ આ એકદમ તારાઉપર શુ દૈવે દાટ વાળીદીધો! અરે નિર્દયદૈવ તે મને મારા પ્રાણાધિક બંધુને તે શુ બનાવીદીધો? હાય હાય અરે હુ કેમ નોહાતો જાણતોકે વાત કર્યાથી આવો માઠો પરીણામ થશે. પ્યારા તેં મુંને એ અગાઉથી ચેતીને ના કહી હતી! પણ આ પાપી નિર્દય બુધ્ધે ધ્યાનમાં કાંઇ પણ વિચાર કીધા વિના હઠ લઇ તુને કહેવાની ફરજ પાડી. જો એ વાતની જરામને પણ ખબર હોતેતો હઠ લેતે નહી.

માલીની છંદ

ધીઃક ધીઃક મુજ જાતે, કહયું મેં નવ માન્યું
વીપરીત હૃ કર્મ, પેહેલેથી નવ જાણ્યુ
ભય ભય ભય થાયે, જોઇને આશીળાને
કયા ભવના પાપે, ઘેર્યો છે આ વેળાએ.
દવ દવ દવ દહન, થાયે આ દેહ માંહી.
ઘુ ઘુણુ સચરાચર, થયો અદ્રશ્ય આંહી

અને કૃપાલુ દેવ તેં મને અતિ દુઃખના દરિઆમાંથી ઉગારી પાછો મારા ઉપર ઘણોજ ખેદ યુક્ત પરજન્ય ગગડાવીદીધો, ઓ સર્વ શક્તિમાન, સચરાચર, સર્વવ્યાપક, તારી અકૃપાને પાત્ર થએલા કિંકરપર દયા લાવી, મારા પ્રાણાધીક બંધુ જે આ શીળામાં મોતરૂપી નીદ્રામાં લીન થઇ ગએલો છે તેને પાછો ઉઠાડી મેળાપ કરાવ.

નાગકન્યા—પ્રાણનાથ, તમે આટલાઆકુળ વ્યાકુળ ન થાઓ હમણાં ઇશ્વર કૃપાથી મનુષ્ય ગતીમા આવશે (એમ કહી નાગકન્યા હાથ અડકાડે છે એટલે પથ્થર ફુટી નર થાએ છે)

અભિજ્ઞક—(છેલને) પ્રીય બંધુ, તું હમણાંજ વાત કરતાં શીળા થઇ પડયો, અને પાછો પથ્થર ફુટી જેવોને તેવોજ આકૃતીમાં પ્રગટ થઇ ગએલો છે અરે હે જગતના કૃપાળુ પીતા! આ સમયે અમે અમારા હૃદયમાં તારૂ મંગળ ધ્યાન ધરીને તને પ્રેમ સહીત પ્રણામ કરાએ છીએ અને અમારા કર્ત્તવ્ય કર્મ સબંધી ઉતર આપવાનુ કમ કેટલુ ભરે છે, તેનો અત્રે વિચાર કરીએછીએ ત્યારે અમે કેવળ લજ્જા પમાન તથા ભયભીત થઇએ છીએ કારણકે અમારે અહીં આવીને જે કરવું જોઇએ તે કાંઇ કર્યુ નથી. અને તારા પ્રત્યે હમારો શો ધર્મ છે તે અમે જાણીએ છીએ, તે છતાં જેવો જોઇએ તેવો બજાવી શક્યા નથી. સારા સારા વિચાર કરવાને તેં અમને વિવેક બુદ્ધી આપી છે. તથાપી તે પ્રેરણા પ્રમાણે ચાલવાને અમે પુર્ણ લક્ષ આપ્યો નથી. હે મંગળમય પ્રભુ, દિવ્ય પિતા, અમે અમારા ધર્મથી કેટલા બધા આડે રસ્તે ચઢગા છએ, તેનો વિચાર કરીએ છીએ ત્યારે અમે કેમ બચીશું અમારી શી વલે થશે? એના વિચારથી ભયભીત થઇએ છીએ તારી દયાવિના અમને પાંસરો પંથ જડવાનો નથી; માટે ભુલા પડેલા તારા રંક બાળકોની દીન વાણી સાંભળી અમને પવિત્ર અને રૂડો માર્ગ બતાવ

જય જય જગબંધુ દયાસિંધુ ઉપકારી
મંગળમય મુર્તિ મહા મંગળ શુભકારી
મંગળ મદ પુર્ણ પ્રભુ મંગળ ગુણ ધારી—જય જય
સુરટામાં દિસે તમારી સત શક્તિ ભારી
ભક્તની વિનંતી વિશ્વ નાથ હવે સ્વિકારો—જય જય
પાપ કર્મ સૌ કૃપા નાથના સ્વીકારો
શરણ રાખીને દયાળ મતિ સુધારો—જય જય
પ્રણમીં અમે પાપક્ષમા માગીએ તમારી
આત્મ ઉન્નતિ કરો કરપાધના અમારી—જય જય

સર્વે પાત્રો

રક્ષક કારક ઉદ્ધાર કદીલના—ઓવાર
ચમન પમાડે તું ઇશ્વર.
નામ રાખ્યું છેલે છેક
રક્ષા રાખી બતાવી ટેક
ચુસ્ત દીલથી થયો વિવેક.
નિત્ય રહયો સુખ ચેનમાં ૧
લાભ રાખી મિત્રના પુર—ઓવાર
લહે શુભ તે ઇચ્છવા
પદ્મકળાને રાખી દુર
સ્તીને કીધી તેણે ચુર
શોમનથી તે રહી આતુર

તથાપી ન ગણી નારને ૨
મન થકી મડગી આ કહે છે—એવાર
શાહ લેવી સૈ: દોસ્તની
સદા સાહેબો રાખો કેમ
કદીન ગણો જુદો પ્રેમ
નીધાન સુધી રાખો રેહેમ
આખર જશ છે આપણો ૩

સમાપ્ત



જાહેર ખબર.

[illegible] તથા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પડશે.

મુદ્રક— સુરત [illegible] પ્રેસ.

[illegible]

[illegible]